JAIN KRANTI

# જૈન ક્રાંતિ

Vol. 5 I Issue 2 I Mumbai I November - 2013 I Rs. 25/- I Pages : 52



॥ તપસમ્રાટ જન્મ શતાબ્દી સ્મૃતિ વિશેષાંક ॥



# મૌન મુનિની...અંતર અભિવ્યક્તિ

## તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ શ્રી રતિલાલજી મહારાજ સાહેબ...

૧૯૯૨ની સાલ અને જ્ઞાનપંચમી જેવો પાવનકારી દિવસ...
તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવશ્રીએ વિશાળ ધર્મસભાને અંતિમ વ્યક્ત માંગલિક ફરમાવી, આજીવન મૌનનો સંકલ્પ કર્યા, જે એટલી નિષ્ઠાપૂર્વક પાળ્યો કે સ્વપ્નમાં પણ એક શબ્દનું ઉચ્ચારણ ન કર્યું...

**પણ...**

આત્મદશાની રમણતા અને ચૈતન્યવસ્થા એવી અદ્‌ભૂત હતી, કે એ જે કહેવા માંગતા હોય તે પ્રતિબીંબ રૂપે મુખકમલ પર આવી જ જાય અને સામે બેઠેલાં ભાવિકોને પોતાના મનનું સમાધાન મળી જાય...

**માટે જ...**

પૂજ્ય ગુરુદેવના મુખેથી એક પણ અક્ષર સાંભળવા મળતો ન હોવા છતાં,
ભાવિકો કલાકોના કલાકો સુધી એમનાં સાંનિધ્યમાં શાંતિથી બેસી રહેતાં...
એમના ચહેરા પર ઉપસ્થિત થતાં અતંર ભાવો અને એમના શુભ પરમાણુઓ
સર્વ માટે શાંતિદાયક અને સમાધાનકારક બની જતાં.

એમની મૌન સાધના...મૌનની શક્તિ જ...
એમના આત્માની ઉચ્ચત્તમ દશાના પ્રાગ્ટયનું પરિબળ બની હતી.

હર એક મુખાકૃતિ એક નવો સંદેશ આપે છે.
હર એક મુખાકૃતિ અંતરમનને અભિવ્યક્તિ કરે છે...
હર એક મુખાકૃતિ એમના આત્મભાવોની પરિણતી છે.

**આવો...**

આપણે પણ એમના મૌનની અભિવ્યક્તિને માણીએ...
વંદન કરીએ એમની ઉત્કૃષ્ટ મૌન સાધનાને...!!

**'તપસમ્રાટ જન્મ શતાબ્દી સ્મૃતિ વિશેષાંક'**
**દ્વારા એમને વાંચીએ અને**
**અંતર આત્માથી અનુભવીએ...!**

JAIN KRANTI
# જૈન ક્રાંતિ

5th NOVEMBER 2013 YEAR: 13, ISSUE - 158

PAGES: 48 + 4 • RETAIL PRIZE: Rs.25

**SUBSCRIPTION:**

LIFE TIME (WITHIN INDIA): Rs. 2500

FOR 2 YRS. (WITHIN INDIA): Rs. 500

LIFETIME (ABROAD): Rs. 20000

FOR ONE YEAR (ABROAD): Rs. 2500

**FORMER EDITOR**
SHREE RASIKBHAI PAREKH

**PUBLISHER**
SHREE DEEPAKBHAI BHAYANI

**EDITOR**
SHREE PRATIMABEN BADANI
SHREE SANGEETABEN SHAH



**CONTACT:**
PARASDHAM
VALLABH BAUG LANE, TILAK ROAD
GHATKOPAR (E) MUMBAI - 400077
PH: +91-022-32043232

**EMAIL:**
pranpushpa@yahoo.com
parasdham108@gmail.com
jainkranti108@yahoo.com
website: www.parasdham.org



Printed, Published,
Edited and Owned by
DEEPAK K. BHAYANI,

**Printed at**
ACCURATE GRAPHICS PVT.LTD.
15/A, Samrat Mill Compound,
L.B.S Marg, Vikroli (West),
Mumbai - 400 079.

**and Published at**
202, Satellite Building,
Opp. Mistry Complex, J. B. Nagar,
Andheri (East), Mumbai-400 059.

**Editor**
DEEPAK K. BHAYANI.




સુજ્ઞ ધર્મભાવનાશીલ ગુરુભક્તવંત !

જેમ બને તેમ ભાવ ઊંચા રાખજો.

દરરોજ દિવસ ને રાત્રિએ માળા કરવાનું રાખજો. ઈષ્ટદેવનું સ્મરણ રાખવું.

દેહ તો દરેકને છોડવો છે પણ પ્રભુ સ્મરણ રાખીને છૂટે તો સદ્‌ગતિ પ્રાપ્ત થાય છે.

ધર્મભાવનામાં વધારો કરતા રહેશો એ જ સંદેશો છે.

- મુનિ શ્રી રતિલાલજી મહારાજ

## : પ્રકાશન સહયોગી સૌજન્ય દાતા :

શ્રી ગુણવંતરાય ઝોંસા (સાયન) • શ્રી ન્યાલચંદ મોહનલાલ લાઠિયા (મૂર્તિજાપુરવાળા) • વી. સી. કે. ફોરેક્સ (કોલકત્તા)
સ્વપનીલ શાહ (ઘાટકોપર) • પ્રદીપભાઇ પી. દોશી (પાર્લા) • કલ્પના ગીરીશ દેસાઇ (પાર્લા) • ઈગલ મેન્યુફેકચરીંગ (મુંબઈ)
પ્રીતિ કાર્ડસ્ (વડોદરા) • શ્રી જયંતિભાઈ સંઘવી (સુરત) • ન્યુ વિઝન લેઝર સેન્ટર (વડોદરા) • હીના સેલ્સ કોર્પોરેશન (વડોદરા)
લક્ષ્મીકાંતભાઈ જે. શાહ (કાંદિવલી) • ગુરુભકત પ્રણયભાઈ મહેતા (ઘાટકોપર) • મેટલ પરફોરેશન (પ્રા.) લિમીટેડ (વડોદરા)
યુનાઈટેડ મેડીસેલ્સ (પ્રા.) લિમીટેડ (વડોદરા) • મહાવીર ટેક્સટાઈલ (કોલકતા) • હેત-ત્વીશા સંજય સંઘવી (ઘાટકોપર)

**CHQ / DD should be in the favour of SHREE UVASSAGAHAR SEVA MANDAL**

**TO KNOW MORE ABOUT PUJYA GURUDEV - 98609 05678**



# Virtues ગુણગરિમા

| | | |
|---|---|---|
| T | Tenacious | દૃઢ સંકલ્પવાળા |
| A | Austerity was his breath | તપ જ જેમનો શ્વાસ હતો |
| P | Preacher of Peace | શાંતિદાતા |
| A | Aagam Lover | આગમ પ્રેમી |
| S | Serene | સૌમ્ય છતાં ગંભીર |
| A | Ardent devotee of Guru Pran | ગુરુ પ્રાણના પરમ ભક્ત |
| M | Mind Reader | મન મનની વાત જાણનારા |
| R | Revolutionary | ક્રાંતિવીર |
| A | Awarness of true self | આત્મ જાગૃત |
| T | Tough against all odds | વિરોધ વચ્ચે પણ અડગ |

| | | |
|---|---|---|
| P | Pious Presence | પાવન સાંનિધ્ય |
| U | Upasak of Parmatma | પરમાત્માના ઉપાસક |
| J | Jay- Manek- Pran's pride of honour | જય-માણેક-પ્રાણ ગુરુનું ગૌરવ |
| Y | Yug Purush | યુગ પુરુષ |
| A | Achiever of Gurukrupa | ગુરુકૃપાના પાત્રવાન |

| | | |
|---|---|---|
| R | Rational Perception | સમ્યક્‌દર્શની |
| A | Adored Penance | તપ અને ત્યાગના અનુરાગી |
| T | Tolerance | સહનશીલ |
| I | Ignited flame of knowledge | જ્ઞાન જ્યોત પ્રગટાવનારા |
| G | Gurudev of 145 disciples | ૧૪૫ ના દીક્ષા દાતાર |
| U | Undying belief in Jainism | જૈન ધર્મ પ્રત્યે અહોભાવ |
| R | Reformist | અધ્યાત્મિક સુધારક |
| U | Undeterred faith in path of liberation | મોક્ષ માર્ગ પ્રત્યે અતૂટ શ્રધ્ધા |
| D | Diligent in spiritual practice | સંયમમાં નિષ્ઠા |
| E | Emancipation - his ultimate goal | એક જ લક્ષ્ય - મુક્તિ |
| V | Vibrant personality | પ્રભાવક વ્યક્તિત્વ |



# તપસમ્રાટ
## એક લોકોત્તર તપસ્વી

**- પરમ દાર્શનિક પૂ. શ્રી જયંતમુનિજી મ.સા.**

સૌરાષ્ટ્ર કેસરી પ્રખર પ્રવક્તા પૂ.ગુરુદેવ શ્રી પ્રાણલાલજી સ્વામીના પ્રધાન શિષ્ય ઉગ્ર તપસ્વી જેઓ આજે ''તપસમ્રાટ''ની પદવી પામ્યા છે તેઓશ્રીની મૌન સાધના, તપ આરાધના એક વિશિષ્ટ ચમત્કારી પ્રકરણ બની ગયું છે. જ્યારે તેમના તપસ્વી જીવન ઉપર દૃષ્ટિપાત કરીએ ત્યારે તેમની બહુમુખી તપ આરાધના, મૌન સાધના એક અનોખી પ્રતિભા ઉત્પન્ન કરે છે. આ સ્થિતિમાં થોડા શબ્દોમાં તેમની ઉત્તમ સાધનાને આલેખી લેવી તે સાધારણ કક્ષાનો વિષય નથી, છતાં પણ અમારા અનુભવમાં તેમનું જે સ્પષ્ટ ચિત્ર દૃષ્ટિગોચર થાય છે અને **એક ગુરુના શિષ્યના નાતે લઘુસાધુભ્રાતા તરીકે અમારા મનદર્પણમાં તેમનું જે પ્રતિબિંબ છે તેને સાથે રાખીને જૈન ધર્મના તપ વિજ્ઞાન માટે યથાસંભવ આ લેખમાં પ્રયાસ કરવામાં આવ્યો છે.**

જે બહુમુખી ગ્રંથ ''તપસમ્રાટને''ને અર્પણ કરવા માટે વિશેષ આયોજન થયું છે, આ ગ્રંથમાં ''જૈન તત્ત્વજ્ઞાનમાં તપશ્ચર્યાનું શું સ્થાન છે'' તે વિશે પણ પ્રકાશ પાડવા માટે સંપાદકની પ્રાર્થના છે. તો ''તપસમ્રાટ'' ને નજર સામે રાખીને ભગવાન મહાવીરના શાસનમાં તપના કેટલાં પાસાં છે તે ''નય''ના આધારે અહીં આપણે તપ ઉપાસનાને ન્યાય આપવા માટે પ્રયાસ કરીશું. પરંતુ એ ન ભૂલવું જોઈએ કે ભગવાન મહાવીરે તપ સંબંધમાં કોઈ આગ્રહ ઉપસ્થિત કર્યો નથી તેમજ ગમે તે રીતે કોઈ તપને અનુસરે તો તે ''તપ'' વસ્તુતઃ તપ ન હોવાથી કલ્યાણકર નથી તે સ્પષ્ટ જણાવ્યું છે. જૈન શાસ્ત્રમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે

।। नो इह लोगट्ठियाह तवमहिठिज्झा,
ना पर लोगडियाण तव महिट्ठिज्जा,
ना कित्ती वन्न सद्द सिलोगठियाण तण
मिहिट्ठिज्जा नन्नाथ निज्जर ठियाए तव महिट्ठिज्जा ।।

અર્થાત્, આ લોકની કામના માટે તપ ન કરે, પરલોકના સુખ ભોગવવા માટે તપ ન કરે. કીર્તિ, સન્માન કે શ્લાઘા-પ્રશંસા માટે તપ ન કરે. તપ કરે તો કેવળ નિર્જરા અર્થે તપ કરે. આટલો સ્પષ્ટ ઉલ્લેખ હોવાથી સમજી શકાય છે કે તપ માટે કોઈ આંધળો આગ્રહ નથી. આ જ રીતે તપના પ્રકારમાં પણ કેવળ અનશન કે ઉપવાસને જ તપ માન્યું નથી, પરંતુ બાર પ્રકારનું તપ બતાવીને સમસ્ત ''વિનય માર્ગનો''નો અને ''જ્ઞાન આરાધનાનો'' તપમાં સમાવેશ કર્યો છે. તપનું આ વિસ્તૃત અને વિરાટ સ્વરૂપ એ બતાવે છે કે-સાધના કેવળ અનશનથી કે ઉપવાસથી નહીં પરંતુ બધાં પ્રકારના વિકારોને રોકવા તે તપસ્યાનું મુખ્ય લક્ષ છે.

॥ इच्छा निरोधस्तु तपः ॥

મોક્ષશાસ્ત્ર અને બીજા આધ્યાત્મિક ગ્રંથોમાં ઈચ્છાનો નિરોધ કરવો, તૃષ્ણાને સંકુચિત કરવી, કામનાઓને નિર્બળ કરીને તેનો વિચ્છેદ કરવો તે બધાં 'તપમાર્ગ' છે.

**નિરોધની વિશેષ વ્યાખ્યા:** 'નિરોધ'નો અર્થ સમજવા જેવો છે. 'ઇચ્છાને રોકવાની નથી' પરંતુ તેનું સમીકરણ કરવાનું છે. 'રોધ' એટલે અટકાવી દેવું. જ્યારે 'નિરોધ' એટલે વ્યવસ્થિત કરવું. નદીના પ્રવાહને રોકવાથી તો તે વિનાશનું કારણ બની શકે છે. પરંતુ જે નદી બન્ને તટ ઉપર બંને કિનારાની આજુબાજુ નુકશાન કરતી હોય તે નદીના કિનારાને બાંધીને પ્રવાહનો વ્યવસ્થિત ગમન થાય અર્થાત્ યોગ્ય રીતે પ્રવાહિત થાય તે 'નિરોધ' છે. એ જ રીતે ઇચ્છાઓ ભટકતી હોય અને મન ફાવે તે રીતે અયોગ્ય ઇચ્છા ઉત્પન્ન થતી હોય તો તે ઇચ્છાઓને રોકીને નિયમતઃ યોગ્ય ઇચ્છા હિતકારી રીતે પ્રર્વતમાન થાય તે ઇચ્છાનો નિરોધ છે. ઇચ્છાને નિયંત્રિત કરવી, નિયમાનુસાર ઇચ્છાનો ઉદ્‌ભવ થાય, ઇચ્છાને આધિન આત્મા ન થાય, પરંતુ આત્માને આધિન ઇચ્છા રહે, તે ઇચ્છાનો નિરોધ છે અને આવા-આ પ્રમાણેના ઇચ્છા નિરોધને 'તપ' કહેવામાં આવે છે.

યોગ શાસ્ત્રમાં પણ 'चित्तवृति निरोधास्तु योगः' એમ કહેવામાં આવ્યું છે. અહીં પણ ચિત્ત વૃતિનું સમીકરણ કરી યોગ્ય રીતે ચિત્તવૃતિ આત્માનુગામી બને તેને ''યોગ'' કહે છે. આ યોગ પણ એક પ્રકારનું 'તપ' છે. આટલી વ્યાખ્યા પછી જૈન શાસ્ત્રોમાં તપશ્ચર્યા સંબંધી જે વિશેષ ઉલ્લેખ જોવા મળે છે, તેનું જો ચિંતન કરવામાં આવે તો સમજાય છે કે, આખો 'તપ માર્ગ' એક પ્રકારની પરિશુદ્ધિ છે. અશુદ્ધ સંસ્કારો, અશુભ કર્મના ઉદયમાન પરિણામો અને જીવાત્માની કષાય સાથે જે વળગણા છે તે બધાંમાંથી ક્રમશઃ જીવને મુક્ત કરતાં કરતાં પરમ પરિશુદ્ધિ તરફ લઈ જાય તે યોગ્ય 'તૃષ્ણા' પરિધાન તથા શૃંગાર પ્રત્યેની આસક્તિ. જે પ્રાપ્ત છે તેમાં મમતા અને અપ્રાપ્ત છે તેની તૃષ્ણા. આમ આસક્તિ અને તૃષ્ણાની વચ્ચે અનેક ઇચ્છાઓને આધિન થયેલો જીવ કાદવ-કીચડમાં ફસાયેલા પ્રાણીની જેમ તરફડીયાં મારે છે. તેને ખબર નથી કે દુ:ખનું કારણ પદાર્થનો અભાવ નથી,

પરંતુ ઇચ્છા જ દુ:ખનું કારણ છે. જ્યારે જીવ તપનું અવલંબન કરે છે, જ્યારે ઇચ્છા ઉપર નિયંત્રણ આવે છે અને અયોગ્ય ઇચ્છાથી મુક્ત થાય છે ત્યારે તેની આત્મ શક્તિનો વિકાસ થાય છે.

તપ અને તપના સાધન આ બંને વચ્ચેનો વિવેક અથવા સૂક્ષ્મ વિચાર ઘણો આવશ્યક છે. 'તપ' તે લક્ષ છે, પરંતુ, યોગ્ય સાધનની ઉપલબ્ધિ ન હોય અથવા તપને અનુકૂળ સાધનાની યોગ્યતા તૈયાર ન થઈ હોય તો તપશ્ચર્યા વિફળ થઈ જાય છે. તપના સાધનમાં મુખ્ય રૂપે સાધકનો કાયયોગ અર્થાત્ શરીર ઘડાયેલું હોવું જોઇએ. ક્રમશઃ યમ-નિયમ-આસન કે પ્રાણાયામ જેવા વિશેષ અનુષ્ઠાનો દ્વારા જો દેહની કેળવણી ન થઈ હોય તો દેહ તપનો પ્રતિકાર કરે છે. એ જ રીતે વાણી અને મન તે તપના પ્રબળ સાધન છે. કાયયોગમાં કોઈ ત્રુટી હોય તો પણ મનોયોગ સંકલ્પશીલ અને પ્રબળ સંસ્કારોથી નિર્માણ થયું હોય તો તે તપસ્વી માટે ઘણું જ ઉપકારી બને છે. મનની શિથિલતાથી તપનો ભંગ થઈ જાય છે. આ ઉપરાંત શાસ્ત્રકારોએ મૌનને પણ અર્થાત્ વચનશક્તિના 'નિરોધ'ને પણ તપસ્વી માટે મોટા ઉપકારી સાધન માન્યા છે.

॥ मौन युक्तं समाचरेत् तपः
परम प्रबलम् जायते' ॥

અર્થાત મૌનની સાથે તપનું આચરણ ઘણું જ પ્રબળ ફળ આપનારું બને છે.

હવે આપણે અહીં ''તપસમ્રાટ''ના જીવન ઉપર દૃષ્ટિપાત કરીશું ત્યારે જાણી શકાય છે કે, તેઓએ વાસ્તવિક રીતે ઇચ્છા નિરોધને સંપૂર્ણ રીતે અવકાશ આપી તપમાં ઝંપલાવ્યું હતું. તેમની સંકલ્પ શક્તિથી કયારેય પણ તેણે તપભંગ થાય તેવી કોઈ પણ પળને આવવા દીધી ન હતી. નિરંતર તપમાં વિચરણ કરી અખંડ ભાવે તપનું આરાધન ચાલું રાખ્યું અને ક્રમશઃ એક પછી એક તપમાં વૃદ્ધિ કરતાં ઘણા ડગલાં આગળ વધ્યાં. એક પ્રકારે કહો કે તેમણે ''તપગિરી'' ઉપર આરોહણ કરી વિજયવાવટો ફરકાવ્યો હતો. તેમના તપમાં તેમણે મૌનશક્તિનો આશ્રય લઈ જેમ અગ્નિમાં ઘી ની આહૂતિ દેતાં અગ્નિ ભભૂકી ઉઠે છે, તે જ રીતે મૌન સાધનાની સાથે તપસમ્રાટનું તપ ઘણું જ પ્રજ્વલિત થઈ તેમની આધ્યાત્મ શક્તિને વિકસીત કરી ગયું. તેઓ અણનમ રીતે નીડર ભાવે તપમાર્ગ ઉપર ડગલાં ભરતાં જ ગયાં, આગળ વધતાં જ ગયા. તેમનું મૌન હોવાથી જનસમાજમાં તેમની જ્ઞાન શક્તિનો પ્રકાશ થયો નહીં, પરંતુ તપસમ્રાટે જ્ઞાનગંગામાં ગોતા લગાવી, આગમના રહસ્યોને મેળવી અને આગમ જ્ઞાનના કિરણોથી એક સિતારા રૂપે ચમકી ગયા. આગમના રહસ્યો તેમને સ્પર્શ્યા હતાં. તેનું પરિણામ એ આવ્યું કે **ગોંડલ ગચ્છના મહાન ગાદીધર પૂ. શ્રી પ્રાણલાલજી સ્વામીનો સૂર્ય અસ્ત થયો ત્યારે તપસમ્રાટે અદભૂત ખજાનો મેળવી, એકથી એકવિદ્યાવ્યાસંગી સાધ્વીજીઓને તૈયાર કરી, ગોંડલ ગચ્છને સાધ્વીરત્નોથી સમૃદ્ધ કરી દીધો.** જો કે એવી કોઈ યુવક સંખ્યા હાથ ન લાગી અને કાળદોષે કરીને આવા કોઈ યુવકોનો સંયોગ ન થયો છતાં પણ તેઓએ યુવા શ્રાવક સમાજ ઉપર ઘણો જ પ્રભાવ પાથર્યો હતો. અસ્તુ-અહીં કહેવાનો સાર એ છે કે તપસમ્રાટનું તપ સમયનો પરિપાક થતાં સોળે કળાએ ખીલી ઉઠયું હતું અને છેવટે આપણે ગૌરવ લઈ શકીએ કે એક એવા યુવક સંતને જીવનની અંતિમ પળોમાં શિષ્યરૂપે સ્વીકારી પોતાની તપનિધિ અને ગુપ્તધન આ ઉદયમાન શિષ્યને અર્પણ કરી સાધુપક્ષને પણ સમૃદ્ધ કરી દીધો. આ યુવક સંત તે બીજા કોઈ નહીં પણ શાસન અરુણોદય યુગ દિવાકર આપણા માન્ય અભિનવ ક્રાંતિના સર્જક સ્થાનકવાસી સંઘની કીર્તી પર કળશ ચડાવી શકે તેવા **શ્રી નમ્રમુનિ મ.સા.!** આજે હજારો-હજારો યુવક-યુવતીઓના પ્રેરણાદાતા બન્યા છે, ગચ્છનું ગૌરવ વધાર્યું છે. જ્યારે સ્થાનકવાસી સમાજ આથમતા સૂર્યની જેમ હીન બની રહ્યો હતો ત્યારે ગુજરાતના આપણા જૈન સમાજને એક નવી દિશા આપીને યુવકોને આધુનિક બદીઓથી બચાવી, માનો તે જ તારણહાર બની ગયા છે. **શ્રી નમ્રમુનિ પણ તપસમ્રાટે આપેલું ગોંડલ ગચ્છ માટે એક અપૂર્વ વરદાન બની ગયું છે.** તપસમ્રાટે જીવનની અંતિમ પળોમાં પોતાની જીવનલીલા સંકેલી લીધા, પહેલાં જ માનો પોતાની શક્તિનું આ યુવા સંતમાં પ્રત્યાર્પણ કરી દીધું હતું. સદાને માટે એક ગૌરવગાથા બની રહેશે.

**- આનંદ મંગલ**

ગુરુ શિષ્ય

# શિષ્યત્વ...

ગુરુત્વની અનુભૂતિ ત્યારે જ થાય જ્યારે શિષ્યત્વનું પ્રાગ્ટય થાય,ગુરુ આત્મા સાથે સ્ટ્રોંગ કનેક્શન થાય, ગુરુ શ્રેષ્ઠ છે એવા ભાવ પ્રગટ થાય.

આ બધું ક્યારે થાય.. ?

પ્રથમ જ્યારે ગુરુ પ્રત્યે શંકા વિનાની સમર્પણતા પ્રગટ થાય. ગુરુ સિધ્ધ પુરુષ છે, પ્રજ્ઞાવાન છે જ્યારે હું પામર છું, એ ભાવ પ્રગટ થાય ત્યારે સમર્પણતા આવે છે.

બીજુ સમર્પણતા જ ગુરુ-શિષ્યના સૂક્ષ્મ કનેક્શનને સ્ટ્રોંગ બનાવે છે, કેમકે એમાં સ્વીકારભાવ હોય છે, શ્રધ્ધા હોય છે. શિષ્યત્વનું પ્રાગ્ટય ત્યારે જ થાય જ્યારે હૃદયમાં સતત ગુરુની પ્રસન્નતા માટેના ભાવ હોય, ગુરુની અશાતનાથી બચવાના ભાવ હોય, સિધ્ધ પુરુષની સમાધિ ભંગ ન થાય એવું સતત ચિંતન હોય, એમને શાતા પમાડવાની ભાવના હોય.

ત્રીજું જ્યારે ગુરુને ઓળખવાની, એમને સમજવાની, એમને સ્વીકારવાની અને એમને પામવાની ભાવના હોય, તીવ્ર ઝંખના હોય, ગુરુના વ્યક્તિત્વમાં સ્વયંના અસ્તિત્વને ઓગાળવાનો પ્રબળ પુરુષાર્થ હોય.

જ્યારે આ ત્રણ પરિબળ પ્રબળ થાય ત્યારે જ શિષ્યત્વનું પ્રાગ્ટય થાય અને ગુરુતત્વની અનુભૂતિ થાય.



# અનન્ય ગુરુત્વ

**તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ...**

**વિદાય થઈ ગયેલું વિરલ વ્યક્તિત્વ...**

**છતાં હૃદયમાં જીવંત રહેલું એમનું અસ્તિત્વ.!!**

**- શ્રી નમ્રમુનિ મ.સા.**

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ...

જેમનું વ્યક્તિત્વ આપણા અસ્તિત્વને ઝંકૃત કરે... સ્પંદિત કરે... અનન્ય અનુભૂતિ કરાવે તે આંખની દૃષ્ટિએ ભલે એક ચિત્રપટ હોય પણ અંતરની દૃષ્ટિએ તો પ્રત્યક્ષ છે, સાક્ષાત છે પ્રેરણા સ્થાને જ હોય.

તપસમ્રાટ પૂ. ગુરુદેવ એક એવા સિધ્ધ પુરુષ હતાં જે ઈચ્છા સિધ્ધિ યોગને સર્જવા સક્ષમ હતાં, સ્નેહનું સંવેદન કરાવનારા હતાં. એ સ્વયં પ્રકાશિત સૂર્ય સમાન હતાં, જેના દિલની બારી ખુલી હોય ત્યાં એમનો પ્રકાશ પહોંચી જતો.

જન્મ ત્યારે જ થાય જ્યારે મૃત્યુ થાય. એમણે સંસારનું મૃત્યુ કર્યું, ત્યારે એમના સંતત્વનો જન્મ થયો. યુગ પ્રવર્તક દિવાકરનો ઉદય થયો. આત્મ સાગરના અતલ ઊંડાણમાં મોક્ષ રૂપી મોતીની પ્રાપ્તિના લક્ષ્ય સાથે મરજીવા બન્યા અને એમને સૌરાષ્ટ્ર કેસરી ગુરુ પ્રાણની કૃપાનું ઓકસીજન મળ્યું. મંઝિલ માર્ગે આગળ અને આગળ વધવા લાગ્યાં.

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ દુનિયાની પરવાથી પર એક અલગ જ પ્રકારના વિભૂતિ હતાં, એમને આંખોથી ક્યારેય ઓળખી શકાય નહીં અને અંતરથી અનુભવ્યાં વિના રહી શકાય નહીં.

અમારો એમની સાથેનો માત્ર નવ જ મહિનાનો અલ્પ પરિચય... શરૂઆતમાં તો સમજાય નહીં, એક અલગ જ વ્યક્તિ લાગે... પણ જેમ જેમ, ક્ષણે ક્ષણના સાંનિધ્યને માણતા ગયાં તેમ તેમ એમની સાથેના ભવોભવના ક્નેકશનનો અનુભવ થવા લાગ્યો. એમની એક એક વાત, વર્તણૂંક અને વ્યવહારથી સમજાઈ ગયું કે આ એક અનન્ય સિધ્ધ પુરુષ છે અને સિધ્ધ પુરુષ પ્રત્યેક ક્ષણને સિધ્ધિમાં જ વિતાવતા હોય છે.

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ પ્રત્યેક પળને... પ્રત્યેક પ્રસંગને... પ્રત્યેક ઘટનાને વિશિષ્ટ રૂપે અનુભવતાં હતાં.

એ પરમ પ્રજ્ઞાવાનના ચહેરા પર પ્રસન્નતા લાવવી એ જ અમારૂં જીવન લક્ષ્ય બની ગયું હતું.

એમની સાથેના એક એક અનુભવમાં એમની કરૂણા ભાવના, સ્નેહ સંવેદના અને આત્માની ઉચ્ચત્તમ દશાના દર્શન થતાં અંતર અહોભાવથી છલકાઈ જતું હતું. એમની અનન્ય અવધૂત અવસ્થાને જાણવાની અને માણવાની ઝંખના તીવ્ર થતી જતી હતી. એમની પાસે શાસ્ત્રોના જ્ઞાન કરતા પણ વધારે અનુભવનું પ્રકૃષ્ટ જ્ઞાન છે. એ શાસ્ત્રો, પુસ્તકો કે ગ્રંથોને વાંચી એમના આધારે ચાલવાવાળા ન હતાં... એમની ફકીરી એક અલગ જ પ્રકારની હતી.

આગમ અભ્યાસ વખતે શ્રી ઉવવાઈ સૂત્રમાં વાંચ્યું હતું કે ભગવાન મહાવીરના સાધુઓ પાસે કેવી અને કેટલાં પ્રકારની ઔષધીય શક્તિઓ અને લબ્ધિઓ હોય. એમના સ્પર્શમાં પણ લબ્ધિ હોય અને એમના શ્લેષમાં પણ દિવ્ય શક્તિ હોય અને આ જ સત્ય મને તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ શ્રીના સાંનિધ્યમાં અનુભવાયું, જ્યારે મારા મુખ અને ગળામાં નીકળેલી ગરમીના કારણે અસહ્ય વેદના થતી હતી ત્યારે એમણે ઈશારાથી એમના રૂમમાં બોલાવી ખૂબ જ પ્રેમથી એક મિઠાઈનો ટૂકડો મોંમા મૂક્યો. એ માત્ર પદાર્થ ન હતો પણ એમાં એમની કરૂણા અને કૃપા સંક્રમિત કરેલાં હતાં અને માટે જ એ પદાર્થ ગળા નીચે ઉતરતાં જ ક્ષણમાં બધી જ વેદના દૂર થઈ ગઈ હતી.

સંશોધન વૃતિના સ્વભાવના કારણે જ્યારે શરૂઆતમાં એમની સાધના અને સાધક દશાને જાણવા અર્ધી રાત્રે પણ એમના રૂમ પાસે જતો ત્યારે એ તો એમના આત્મભાવમાં રમણ કરતાં હોય પણ એમની આસપાસમાં પ્રસરતી દિવ્ય શક્તિ અને પોઝીટીવ એનર્જીનો એક અલગ જ અહેસાસ થતો.

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવશ્રીનો ત્યાગ એ માત્ર બાહ્ય ત્યાગ ન હતો, આંતરિક વૈરાગ્ય હતો, એમણે માત્ર પદાર્થને જ છોડયાં ન હતાં, પદાર્થ પ્રત્યેની આસક્તિ પણ છૂટી ગઈ હતી.

હજારોની વચ્ચે પણ એમનું આત્મ દર્શન એમની નિસ્પૃહતાનું દર્શન કરાવતું હતું. હજારોની વચ્ચે પણ એ એમના 'સ્વ' ભાવમાં જ રહેતાં.

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવના હૃદયમાં સ્નેહનો સાગર ઉછળતો હતો અને સર્વની સેવા અને સંભાળ એ એમનો જીવનમંત્ર હતો.

તાવના કારણે થતી ધ્રુજારી જેવી એમના દૃશ્યમાં આવી તરતજ નાદુરસ્ત તબિયત અને વોકર વિના ચાલી ન શક્તા હોવા છતાં સ્વયં ઊભા થઈ, પોતાની કાંબળી વ્હાલથી ઓઢાડી ગયાં ત્યારે એમના પિતા તુલ્ય વાત્સલ્ય સભર સ્પર્શે આંખો ભીની થઈ ગઈ હતી.

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવની અલિપ્તતા અને અનાસક્તભાવ પણ આત્મ સ્પર્શી અને પ્રેરણાત્મક હતાં. શિષ્યોના હૃદયમાં આત્મભાવ જગાડી... આત્મ શુધ્ધિના માર્ગે લઈ જનારા ઘડવૈયા હતાં. ગુરુની સેવાને એ સ્વાધ્યાય કરતાં પણ શ્રેષ્ઠ માનતાં હતાં અને એ સેવાની ફળશ્રુતિ એ જ

એમના આત્મ વિકાસની સફળતાનું પરિબળ બની હતી. નિ:સ્વાર્થ અને નિષ્ઠાપૂર્વકની સેવા જ્ઞાન પ્રાગ્ટયનું પરિબળ હતી.

આજીવન મૌનના સંકલ્પના કારણે આ કાનથી એમના અવાજને સાંભળવાનું સદ્દભાગ્ય ભલે પ્રાપ્ત ન હતું થયું, પરંતુ એમની કૃપાથી એમના આત્મધ્વનીને સાંભળી શકવાનો, એમના મનોભાવને જાણી શકવાનો સંતોષ જરૂર છે.

સાંનિધ્યને માણતા માણતા... એક થી એક અનુભૂતિ થતાં થતાં અને ભૂતકાળના ભવોનું ક્નેકશન જાગૃત થતાં એમના પ્રત્યે અકારણ આત્મિય આકર્ષણ દિન પ્રતિ દિન વધતું હતું અને એટલે જ જ્યારે એક દિવસ પાટીમાં લખીને આપ્યું કે... 'અંત સમયે તમે મારી પાસે હશો.' ત્યારે એ વાત સ્વીકારવી અસહ્ય થતાં પાટીનો ઘા થઈ ગયો. એટલે ફરી લખ્યું... 'પાટીનો ઘા કરવાથી ભવિષ્યનો ઘા ન થાય...' અને જાણે વચન સિધ્ધ પુરુષના વચન સાર્થક થતાં હોય એમ બે જ મહિનાની અંદર એમની અવનિ પરથી વિદાય થઈ... અંત સમયે એમની સેવાનું સદ્દભાગ્ય પ્રાપ્ત થયું.

ખોટ જ્યાં સુધી ખોટ લાગે છે, ત્યાં સુધી શાંત રહી શકાય. પણ એ ખોટ જ્યારે હૃદયને ચોટ આપી જાય છે ત્યારે એ ખોટને સવાયી પુરવાર કરવા પુરુષાર્થની પ્રેરણા પ્રાપ્ત થાય છે.

એમના વિરહની વેદનાને અમે જીવન જીવવાનો પ્રયોગ બનાવ્યો. એમના સ્વપ્ન સાકાર કરવાના માધ્યમ બન્યા એ જ અમારા આ માનવભવની સાર્થક્તા છે.

## પારસધામના આંગણે
# તપસમ્રાટ સ્મૃતિ સંમેલન

**વિદાયના વર્ષો વીતી જાય છતાં પણ જે સ્મૃતિ રૂપે જીવંત હોય, તે મહાપુરુષ હોય...!**

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. જેમના જન્મને સો વર્ષ થયાં અને વિદાયને ૧૬ વર્ષ થયાં છતાં આજે અનેકના જીવનમાં સ્મરણ રૂપે જીવંત છે, શ્રધ્ધા રૂપે જીવંત છે.

તપસમ્રાટ જન્મ શતાબ્દી સ્મૃતિ મહોત્સવ અવસરે પારસધામમાં રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા. ના સાંનિધ્યે પૂ. શ્રી પિયુષમુનિ મ.સા., વિરલ પ્રજ્ઞા પૂ. શ્રી વીરમતીબાઇ મ. આદિ સતીવૃંદની ઉપસ્થિતિમાં 'સ્મૃતિ સંમેલન' નું આયોજન રાખવામાં આવેલ.

'સ્મૃતિ સંમેલન' નું લક્ષ્ય હતું એમની સ્મૃતિના સ્પંદનોને વ્યકત કરવાનું, એમના સ્મરણોને વાગોળવાનું, હૃદયે રહેલી શ્રધ્ધાને અભિવ્યકત કરવાનું અને એમણે આપણા પર વરસાવેલી અનંત કૃપાને યાદ કરી... અનંત ઉપકારોને અનુભવવાનું.

તપસમ્રાટ સ્મૃતિ સંમેલનમાં સહભાગી થવા સંસારી પરિવારજનો, રૈયાણી પરિવાર, સ્વજનો, અને ગુરુભક્તો પધાર્યા હતાં. એમની સાથે વિતાવેલી એક એક ક્ષણો... એમની કૃપાથી થયેલાં અશકયમાં અશકય કાર્યો, એમનો નિ:સ્વાર્થ પ્રેમ, એમનું સાંનિધ્ય અને એમના ઉપકારભાવને વ્યકત કરતાં કેટલાંય ભાવ-વિભોર થઇ ગયાં તો કેટલાંય રડી પડયાં હતાં.

વિરલ પ્રજ્ઞા પૂજ્ય શ્રી વીરમતીબાઇ મ., ડૉ. પૂ. શ્રી ડોલરબાઇ મ., પૂ. શ્રી પૂર્ણાબાઇ મ., પૂ. શ્રી આરતીબાઇ મ., પૂ. શ્રી પૂર્વીબાઇ મ., તથા શ્રી પકંજભાઇ ગાઠાણી, શ્રી અશોકભાઇ ઠોસાણી, શ્રી અપૂર્વભાઇ રૈયાણી, શ્રી અર્પણાબેન રૈયાણી, શ્રી મહેન્દ્રભાઇ દોશી, શ્રી ગુણવંતભાઇ પારેખ, શ્રી જયવંતભાઇ જસાણી આદિ અનેકે વીતાવેલા વર્ષોની યાદને સ્મૃતિ પટ પર લાવી, આત્મિય જન સાથેની અમૂલ્ય ક્ષણોને શબ્દો દ્વારા વ્યકત કરી તપસમ્રાટ પૂ. ગુરુદેવશ્રીની મહાનતાના દર્શન કરાવ્યાં હતાં.

આ અવસરે સૌથી અલ્પ પરિચયમાં, સૌથી વધુ અનુભવેલાં રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબે એમની આંતરિક શક્તિ અને ક્ષમતા એમની બાળ સહજ નિ:સ્વાર્થતા, આત્માની ઉચ્ચત્તમ દશા, એમના પ્રેમની દિવ્યતા અને એમની સાથેના પરમ કનેક્શનના અહેસાસને ભાવવાહી શૈલીમાં વ્યકત કર્યો હતો.

આ અવસરે વડિયા ટ્રસ્ટના શ્રી પ્રતાપભાઈ કામદાર, શ્રી ચંદ્રકાંતભાઈ કામદાર, શ્રી વિનુભાઈ રૈયાણી આદિ સર્વ ઉપસ્થિત રહેલ.

ગુરુ શિષ્ય

# ગુરુ અનુશાસક

જે શિષ્યને મોક્ષની પ્રાપ્તિ કરવી છે, તેને પહેલાં આત્માની શુધ્ધિ કરવી પડે છે. આત્માની શુધ્ધિ કરાવનારા ચાર મુખ્ય તત્વો છે, લજ્જા, દયા, સંયમ અને બ્રહ્મચર્ય..!! આત્માની શુધ્ધિ સ્વયંથી શકય નથી. આત્માને કંટ્રોલમાં રાખવા માટે અનુશાસકની જરૂર પડે.

અનુશાસક એ જ હોય જે શિષ્યના આત્મા પર અંકુશ રાખે જે એને અસત્ તરફ જતાં અટકાવે અને સત્ તરફ લઈ જાય.

અનુશાસન એટલે સ્વીકારભાવ.... જ્યારે સ્વીકારભાવ હોય ત્યારે શિષ્ય ગુરુના બોલ્યાં પહેલાં જ સમજી જાય ગુરુ શું કહેવા માંગે છે, જે ખોટું કરતાં પહેલાં જ અટકી જાય, જેનો સતત સાથે હોવાનો અહેસાસ હોય..!

જેના જીવનમાં અનુશાસક એવા ગુરુ હોય, તે શિષ્ય સદાય જાગૃત હોય અને સતત સુધરવાની દિશા તરફ હોય. અને તે સતત એ ગુરુની પૂજા કરતો હોય. પૂજા એટલે જેના કારણે એનો મોહ, આસક્તિ બધું છૂટવા લાગે જેમ બહારનું છૂટે છે તેમ તેમ અંદરનું આત્માનું કનેક્શન સ્ટ્રોંગ થતું જાય છે.

આત્મ શુધ્ધિના ઇચ્છુક શિષ્ય માટે એના આત્મા પર અનુશાસન કરનાર 'ગુરુ'નું સતત સ્મરણ અને સાંનિધ્ય અનિવાર્ય છે. અનુશાસન ગુરુ સત્‌ની પ્રેરણા છે અને આદર્શ શિષ્ય એ 'ગુરુ'ના સાંનિધ્યે 'પર'ને છોડતાં છોડતાં 'સ્વ' તરફ પ્રગતિ કરે છે અને એ જ એની પૂજા, ભક્તિ અને અર્ચના હોય છે.

# હે ગુરુદેવ !



## આપ દિક્ષાદાતા !
## આપ શિક્ષાદાતા !

ખાણમાંથી આરસની શિલાઓ બહાર નીકળી રહી હતી. કોઈ રાજમહેલની શોભા બનવા, કોઈ મંદિરના પગથિયાં બનવા તો કોઈ નકશીદાર કુંભ બનવા થનગની રહી હતી. તે સૌને લઈ જવા તેના માલિક આવી ગયા હતા. પણ... પણ... પણ... પ્રતિમા બનવા સર્જાયેલી એક અણઘડ શિલા પોતાના શિલ્પીની રાહ જોતી વ્યાવહારીક આઠમા ધોરણમાં અભ્યાસ કરતા સમય પસાર કરી રહી હતી.

ચંડકૌશિકને પ્રતિબોધવા ભગવાન મહાવીર જંગલની વાટે ગયા, ચંદનબાળાને ઉધ્ધારવા ભગવાન ચંપાનગરીમાં પધાર્યા, સુબાહુકુમારને તારવા પ્રભુ હસ્તિર્શીષ નગરમાં પધાર્યા તેમ મારો ઉધ્ધાર કરવા જ મહારાષ્ટ્રના વિદર્ભ પ્રાંતમાં પૂ.ગુરુદેવે પદાપર્ણ કર્યું. તેઓ શ્રીની પ્રેરણાથી જ નવનિર્મિત આકોલાના જૈનભુવનમાં બે મુમુક્ષુ ભાઈઓની દીક્ષાનું આયોજન થયું. સાધુ, સંતથી અજાણ, દીક્ષાના રહસ્યોથી અજ્ઞાત બાલિકા, વડિલો સાથે અમરાવતીથી આકોલા દીક્ષામાં આવી અને **પ્રથમ વાર ગુરુદર્શને મને મારું ૠણાનુંબંધનું પાત્ર મળી ગયું. દીક્ષા નિહાળતા, પૂર્વે આરાધિત સંયમના સંસ્કારો જાગૃત થયા, વૈરાગ્યના બીજનું રોપણ થયું.**

તપસમ્રાટ પૂ. ગુરુદેવ દીક્ષા પશ્ચાત ચાતુર્માસ અર્થે અમરાવતી પધાર્યા અને શિલાનું ઘડતર શરૂં થયું. પૂ.ગુરુદેવ જયાં ચાતુર્માસ બિરાજે ત્યાં જૈન શાળા પોતે જ ભણાવે. લાઈનબદ્ધ બેઠેલા બાળકો પાસે પોતે સામે જઇને પાઠ લે અને આપે. જૈનશાળામાં જતી તે બાલિકાને પૂછતા કે, તારે રાણી બનવું છે કે દાસી ? સ્વાભાવિક છે કે દરેક કન્યા રાણી બનવા જ તૈયાર હોય. દાસી તો પરતંત્રતા માટે વિખ્યાત છે. પૂ.ગુરુદેવ સમજાવતાં કે રાણી થવું હોય તો સંયમ માર્ગ છે. લગ્નજીવન એટલે સંસારની કઠીનતા, સંસારના દુઃખો, પુરુષોની આધિનતા આમ સંસારના સ્વરૂપનું મૂર્તિમંત ચિત્રણ રજુ કરી સંસાર પ્રત્યેની ઉદાસીનતા અને નિર્વેદભાવ જાગૃત કરાવતાં હતાં. નવમાં ધોરણ ભણતી બાલિકાને સ્વ ઇચ્છાએ લગ્ન ન કરવાના પચ્ચક્ખાણ કરાવ્યાં. સંસારની ઉદાસીનતા અને વૈરાગ્યને દઢ કરવા સાદગી ભર્યું જીવન અને રસાસ્વાદમાં ત્યાગની સમજણ આપી. સાદા ડ્રેસમાં રહેવું અને થાળીમાં જે ભોજન આવે તેમાં સ્વાદિષ્ટ ભોજનનો ત્યાગ કરતાં શીખવ્યું. સચિત વસ્તુ સીધે-સીધી મોઢામાં ન મૂકવી તેવો વિવેક જાળવવા સમજાવ્યું. પૃથ્વી, પાણી, અગ્નિ, વનસ્પતિમાં જીવ છે તેની વિરાધનાથી બચવા અગ્નિ અને વનસ્પતિનો સ્પર્શ નહીં કરવાના પચ્ચક્ખાણ કરાવ્યાં જ્ઞાનભ્યાસમાં પ્રતિક્રમણથી લઇને આગમ ગ્રંથો કંઠસ્થ કરવાનો પ્રારંભ કરાવ્યો અને અપ્રમતપણે વિનયપૂર્વક જ્ઞાનની પ્રાપ્તિ થાય તે વાત આત્મસાત કરાવી. જેને આત્મકલ્યાણનો માર્ગ સ્વીકારવો છે તેને સંયમજીવનના આચારવિચાર તથા વૈરાગ્ય પ્રેરક ગ્રંથોનો અભ્યાસ જ આવશ્યક છે, આ વાત પણ દઢ કરાવી.

ચાતુર્માસ પૂર્ણ થતાં તપસમ્રાટ પૂ.ગુરુદેવનો વિહાર સૌરાષ્ટ્ર તરફ થઈ ગયો. નવમીનો અભ્યાસ પૂર્ણ થયો અને મેં આગળ ન ભણવાનો નિર્ણય ઘરમાં જાહેર કર્યો.તેનો વિરોધ થાય તે સ્વાભાવિક હતું પણ ગુરુકૃપાએ હું મારા નિશ્ચયમાં દઢ રહી શકી. આઠમીથી આગળ ભણવા રડી રડીને પરમીશન લીધેલી તે સમયમાં દીકરીઓને બહુ ભણાવતાં નહીં અને નવમીથી જે લાઈન લેવાની હોય તેના વિષય લઇ ડોકટર થવાનું વિચાર્યું હતું. અમે (હું અને મારી ફ્રેન્ડ) બંને એ સાયન્સના વિષય લઈ ડોકટર થવાનું વિચાર્યું હતું. અમે દસમીથી આગળ ભણાવાની ના કહી **તેથી સ્કુલના પ્રિન્સીપાલ અને ટીચર્સ ઘરે અમારા મા-બાપને સમજાવવા આવ્યા કે આવી હોંશિયાર દીકરીઓને ભણવાનું બંધ ન કરાવો. મારા પિતાશ્રીએ કહ્યું, અમે ભણાવવાની ના નથી કહેતાં પણ તેને ભણવું નથી તે કહે હવે શરીરના રોગના ડોક્ટર નથી બનવું, મારે તો આત્માના દર્દના, દુઃખના ડોક્ટર બનવું છે અને તે શિક્ષણ મને મારા ગુરુદેવ જ આપી શકે તેમ છે.**

આ રીતે વ્યવહારિક અભ્યાસને તિલાંજલી આપી, સૌરાષ્ટ્રમાં પૂ. ગુરુદેવના સાંનિધ્યમાં પહોંચ્યા અને પૂ. ગુરુદેવે પૂ. મહાસતીજી પાસે મોકલ્યા કે જયાં સંયમ જીવનના આચાર-વિચાર, વિહાર, સાધના-આરાધનાની ટ્રેનિંગ મળે, પૂ. ગુરુદેવ તથા પૂ. મહાસતીજીઓ દ્વારા પાંચ વરસની સંયમી ટ્રેનિંગ બાદ મારી દીક્ષા થઈ. નવ દિક્ષીતાની કેવી કાળજી કરાય, તેના પાઠો પૂ. ગુરુદેવ પોતે આચરણ કરી બતાવતાં.

તપસમ્રાટ પૂ.ગુરુદેવ હમેશાં કહેતાં કે વૈરાગી કે નવદીક્ષિતાને જ્ઞાન ન આપું તો હું ગુનેગાર કહેવાઉં. કેવી કરૂણા વહેતી હતી તેમના દિલમાં !

અપ્રમતતા તરફ સાધકને લઈ જવાની કેવી ઉમદા ભાવના! તેમની જ્ઞાન આપવાની ભાવનામાંથી મુંબઈ-ઘાટકોપરમાં શ્રમણી વિદ્યાપીઠનું નિર્માણ થયું. પ્રથમ પાંચ વર્ષ પોતાના ૪૦ સતીજીઓ અને ૩૦ વૈરાગી બહેનોને ઉચ્ચ અભ્યાસ અર્થે વિદ્યાપીઠમાં રહેવાની આજ્ઞા આપી અને તેના પરિપાક રૂપે જ પ્રાણ પરિવારના સતીજીઓ ગુજરાતીમાં અનુવાદિત ૩૨ આગમ પ્રકાશિત કરી શકયાં છે.

મમ જીવનના દીક્ષાદાતા-શિક્ષાદાતા ગુરુદેવને શત કોટીવંદન...!!

**- સાધ્વીરત્ના મહાપ્રજ્ઞા વીરમતીબાઈ મ.**

---

## सुत्ता अमुणी मुणिणो सया जागरंति

ભગવાન મહાવીરના ઉપદેશ રૂપ દ્વાદશાંગી-બાર અંગ સૂત્રોમાં પ્રથમ આગમ ગ્રંથ શ્રી આચારાંગ સૂત્રમાં મુનિની પરિભાષા આપી છે. **જે સૂતેલા છે તે અમુનિ છે. જે મુનિ છે તે હંમેશાં જાગૃત હોય છે.**

શાસ્ત્રકારોએ સાંકેતિક શબ્દોમાં રહસ્ય પ્રગટ કર્યું છે. સુપ્ત અવસ્થા બે પ્રકારની છે. દ્રવ્ય સુપ્ત અને ભાવ સુપ્ત. નિદ્રાધીન વ્યક્તિ દ્રવ્ય સુપ્ત છે અને મિથ્યાત્વ આદિ વિભાવોથી ઘેરાયેલા, આત્મસ્વરૂપના અનુભવથી અજ્ઞાત વ્યક્તિ ભાવ સુપ્ત છે. જે ભાવથી સુપ્ત છે, તે રાગ- દ્વેષ- વેર-વિરોધ, કલેશ-કંકાશ રૂપ સંસારમાં ભટકયા જ કરે છે. જે દ્રવ્ય નિદ્રાથી મુક્ત હોય, તે દ્રવ્યથી જાગૃત હોય અને જે સમ્યગ્ દર્શનયુક્ત હોય, આત્મસ્વરૂપના અનુભવ યુક્ત હોય, તે જ ભાવ જાગૃત હોય છે, અને જે ભાવથી જાગૃત છે, તે જ મુનિ છે.

સામાન્ય જન સમાજ મુનિના બાહ્ય વેષથી કે મુનિ જીવનની પ્રવૃત્તિથી મુનિની ઓળખાણ કદાચ કરે પરંતુ મુનિપણાની વાસ્તવિકતા તેની અધ્યાત્મ સાધના અને અંતર જાગૃતિથી જ થાય છે. આત્માનો અધ્યાત્મ વિકાસ કે આત્મ વિશુદ્ધિ પણ વાસ્તવિક મુનિપણાથી જ થાય છે, બાહ્ય વેષ કે કોરા ક્રિયા કાંડોથી આત્મવિશુદ્ધિનું લક્ષ્ય સિદ્ધ થતું નથી.

આજથી સો વર્ષ પૂર્વે જન્મેલા, પંદર વર્ષે પૂર્વે જ આ અવનિ પર થી વિદાય લઇને પરલોકમાં ગયેલા, લગભગ છ દશકાથી વધુ સમય સુધી ભાવ મુનિપણાની મસ્તીને માણતા અવધૂત યોગી તપસમ્રાટ ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ.સા. એક વિરાટ વ્યક્તિત્વના ધણી હતાં.

સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ પૂ. શ્રી પૂ. પ્રાણલાલજી મ.સા. ના ચરણે જીવન સમર્પિત કરી સંયમનો સ્વીકાર કર્યો ત્યારથી જ તેમની અંતર જાગૃતિ કોઇ અલગ જ હતી.

ભૌતિક ભાવોથી દૂર રહેવા, લૌકેષણાથી ઉપર ઊઠવા, આત્મભાવમાં જાગૃત રહેવા દીક્ષાના બીજા જ વર્ષથી નવ વર્ષ મૌન ધારણ કરી પ્રાયઃ એકાંતમાં જ રહેતા હતાં. જેમ જેમ સંયમ પર્યાય વધતી ગઇ, તેમ તેમ તેઓની જાગૃતિ વધતી ગઇ.

આત્મ વિશુદ્ધિ માટેનો પુરુષાર્થ સ્વયં જ કરવો જોઇએ, તેવી તેમની દઢતમ શ્રદ્ધા, અપૂર્વ જ્ઞાન આરાધનાની તીવ્ર લગન અને આત્મભાવમાં રમણતા રૂપ ચારિત્ર માટેનો તેમનો પુરુષાર્થ તેમની પ્રત્યેક પ્રવૃત્તિમાં સ્પષ્ટ રીતે ઝળકતો હતો. કદાચ **આપણને દિવસ દરમ્યાન સેંકડો ભક્તોની વચ્ચે બેઠેલા જણાય પરંતુ તેઓ સર્વથી અલિપ્ત હતાં. તે સમયે પણ તેમનું ચિંતન - મનન સતત ચાલુ જ રહેતું.**

**સરળતા તેમના જીવનનો મુખ્ય ગુણ હતો. તેઓ કહેતાં કે 'મારા જીવનમાં હું સરળતા રાખું છું. વંકાઇ વિલય થઇ ગઇ છે. હું સરળતા પૂર્વક જીવું છું, ધર્મની સન્મુખ છું, સંસારભાવ રહ્યો નથી. સંસારભાવ હોય, ત્યાં જ વંકાઇ હોય છે.'**

પૂ.ગુરુદેવનું આત્મસંવેદન તેમની ઉચ્ચત્તમ કક્ષાને પ્રગટ કરે છે. એક સરળતા ગુણના કારણે તેઓ માયા કપટ જેવા અનેક પાપથી દૂર હતાં. તેઓ વિશાળ પરિવારનું નેતૃત્વ કરતાં હોવા છતાં સર્વથી નિરાળા રહીને આત્મસાધનામાં મસ્ત હતાં.

ઇ.સ. ૧૯૯૨ માં આજીવન મૌનનો સ્વીકાર કર્યા પછી તેમની અંર્તમુખતા સતત વધતી રહી. અધ્યાત્મસાધના માટે તેઓએ તપ,જપ અને મૌન, આ ત્રણ સાધનને સ્વીકાર્યા હતાં. વિવિધ તપસ્યાઓ કરી તપસમ્રાટ બન્યા. જ્ઞાનનો સાર પ્રભુના નામ સ્મરણમાં જ છે, તેવો અનુભવ થતાં અહોરાત્ર નામ સ્મરણમાં, જપ સાધનામાં તલ્લીન રહેતા. વર્ષો સુધી રાત્રિ જાગરણ કરી આત્મસાધના કરતાં.



# શરણં સર્વ... શરણં સર્વસ્વ

જ્યારે ગુરુનો યોગ થાય છે ત્યારે શિષ્ય હૃદયમાં પ્રથમ સર્વ અર્પણ કરવાના ભાવ થાય છે અને પછી સર્વસ્વ સોંપવાના ભાવ થાય છે. સંસાર ત્યાગ કરી ગુરુ શરણે સર્વસ્વ એવો આત્મા અર્પણ થાય.

મહાવીરના બનવું તે 'શરણં સર્વ' છે.

મહાવીર જ બની જવું તે 'શરણં સર્વસ્વ' છે.

સર્વસ્વ જે દિવસે ગુરુ શરણે અર્પણ થઈ જાય, તે દિવસે શિષ્યત્વ સાર્થક થઈ જાય.

શરણથી સર્વસ્વ... એ આત્માથી પરમાત્મા બનવાની આધ્યાત્મિક એક યાત્રા છે અને એ યાત્રાના સ્ટેપ્સ છે. સંસારી આત્મા...સંયમી આત્મા...સાધક આત્મા.. શુધ્ધ આત્મા અને સિધ્ધ આત્મા...!

જે દિવસે અસ્તિત્વ શૂન્ય થઈ જાય છે, તે દિવસથી પૂર્ણ તરફની પ્રગતિ શરૂ થઈ જાય છે. જ્યારે શિષ્ય ગુરુમાં ભળી જાય, ગુરુ સાથે એકમેક, મહાવીરમાં ભળી જાય ગૌતમ જ્યારે મહાવીર સાથે એકમેક થયાં, મહાવીરમાં ભળી ગયાં ત્યારે જ મહાવીરે સાડાબાર વર્ષની સાધના બાદ પ્રાપ્ત કરેલ જ્ઞાન સાડાબાર સેંકડમાં પામી ગયા.

એકવાર તેઓએ પોતાની ભાવદશાને પ્રગટ કરતાં લખ્યું હતું કે **મારે દ્રવ્ય સંથારાની જરૂર નથી. ભાવથી સંથારો કરવો છે. મારે બીજાનું કાંઇ જોવું નથી કે સાંભળવું નથી. મારા વિચારોમાં આત્મભાવ પ્રધાન છે. બંધન છે એટલે ક્યારેક બાહ્યભાવ આવી જાય છે પણ બંધનથી છૂટવું છે, આત્મભાવમાં રહેવું છે. ધાર્યુ જરૂર થશે, બંધનને આ જ ભવમાં છોડી દઇશ. જે છોડું છું, તે વોસિરાવી દઉ છું, જેથી તે પાછું આવશે નહીં.**

તેઓની ભાવદશાને નિહાળતાં સ્પષ્ટ થાય છે કે તેઓ સંયમી જીવનમાં સર્વ બાહ્યભાવોથી દૂર થવાનો જ પુરુષાર્થ કરતાં હતાં. યોગની કોઇ પણ પ્રવૃત્તિનો આગ્રહ છોડીને ઉપયોગ સ્વરૂપ આત્મભાવમાં સ્થિરતા કરવી તે જ ચારિત્ર છે, તે જ મુનિપણું છે. તે મુનિપણું જ જીવને કર્મ ક્ષય કરાવી અધ્યાત્મ સોપાનોને સર કરાવે છે.

પોતાના ભાવ પ્રમાણે અંતિમ સમયે તેમણે ભાવથી સર્વ પ્રકારના મમત્વભાવનો ત્યાગ કરી સમાધિમા સ્થિર થયાં હતાં.

એક અનુભવી સંતની સાધના કે તેમના જીવનના સમગ્ર વ્યવહારને જોતાં શાસ્ત્રના રહસ્યો સ્પષ્ટ થાય છે. કેવળ મુંડન કરવાથી કોઇ સાધુ થતું નથી પરતું ''समयाए समणो होई'' (ઉતરા-૨૫/૩૨) સમત્ત્વભાવથી કે આત્મભાવથી શ્રમણપણાની પ્રાપ્તિ થાય છે. જે શાસ્ત્રની સત્યતાને સમજે છે, તે બહારના હઠાગ્રહથી મુક્ત થઇ સ્વયં અંતર્મુખ બની જાય છે, તેની અનાદિકાલીન નિદ્રા પૂરી થાય છે અને અર્હર્નિશ આત્મભાવમાં જાગૃત બની, વિષયોથી વિરકત થઇ મુનિપણાની મસ્તી માણે છે અને મુનિપણામાંથી અંતિમ લક્ષ્ય રૂપ મોક્ષને પામે છે. ભાવથી જાગૃત રહેવું, અર્થાત્ સતત આત્મભાવમાં રહેવું, તે જ સાધનાનો સાર છે. તે જ શાસ્ત્રનો સંકેત છે.

**- ડૉ. સાધ્વી આરતીબાઇ મ.**

---

## તપસમ્રાટના અભિગ્રહો

તપસમ્રાટ પૂ.ગુરુદેવ હંમેશાં કહેતા રસાસ્વાદ વડે આપણાં આત્માએ અનંત ચીકણા કર્મો બાંધ્યા છે. તે કર્મોને છોડવા તપના માર્ગે જોડાવું જ જોઇએ.

તપસમ્રાટ ગુરુદેવ જે કહેતા તે પોતાના આચરણમાં મૂકયા વિના કહેતા નહીં. ''संजमेण तवसा अप्पाणं भावेभाणे विहरइ'' ભગવાને સાધુનું લક્ષણ બતાવતાં કહ્યું છે કે સંયમ અને તપથી આત્માને ભાવિત કરે, વાસિત કરે તે સાધુ કહેવાય છે.

છ બાહ્ય અને છ આભ્યાંતર તપ દ્વારા આપનું જીવન તપોમય બની ગયું હતું. આપ વૃતિસંક્ષેપ તપનું આચરણ કરતાં વિવિધ પ્રકારના અભિગ્રહો ધારણ કરતાં. અમૂક દ્રવ્ય મળે તો તે લેવાં તેવું નક્કી કરે તો તે 'દ્રવ્ય અભિગ્રહ' છે, ચોક્કસ સ્થાનમાં રહેલી વ્યક્તિ આપે તો લેવું તે 'ક્ષેત્ર અભિગ્રહ' છે, અમુક સમયે આપે તો લેવું તે 'કાળ અભિગ્રહ' અને હસતાં રડતાં અમુક અવસ્થામાં આપે તો લેવું તે 'ભાવ અભિગ્રહ' છે. તપસમ્રાટ પૂ. ગુરુદેવ ક્યારેક દ્રવ્ય, ક્યારેક ક્ષેત્ર, ક્યારેક કાળ, અને ક્યારેક ભાવ અભિગ્રહ ધારણ કરતાં ક્યારેક તો દ્રવ્ય ભાવ અને ક્ષેત્રભાવને સંયુક્ત કરી કઠીન અભિગ્રહ ધારણ કરતાં.

એકવાર પૂ.ગુરુદેવ વડિયા ગામમાં બિરાજમાન હતા અને અભિગ્રહ ધારણ કર્યો કે શ્વેત વસ્ત્રધારી બહેન આંખમાં આંસુ હોય, હાથમાં મોંસબીના રસની તપેલી હોય, રૂમની બહાર ઓસરીમાં આવીને વહોરાવે તો મારે લેવું. પૂ.ગુરુદેવ રોજ આહાર લેવા નીકળે અને મનના નિશ્ચય પ્રમાણે આહાર ન મળતા પાછા ફરે. આ રીતે દિવસો પસાર થવા લાગ્યા. ગુરુદેવને અભિગ્રહ પૂર્ણ કરવા લોકો વિચારે છે પણ શું કરવું ?

તે સમયે વડિયા પાઠશાળામાં મીનાબેન પારેખ રહેતા હતાં. કદાચ ગુરુદેવને તપનો અભિગ્રહ હોય તો અઠ્ઠમ કરવાનો વિચાર કર્યો અને અઠ્ઠમ કર્યો અને વડિયા તો નાનકડું ગામ અને તે સમયે નાના ગામડામાં મોસંબી જેવા ફળો મળે નહીં પણ મીનાબેનના ભાઈ રાજકોટ શહેરમાં રહેતા હતા અને મીનાબેનને મળવા આવી રહ્યાં હતાં. તે મોસંબી લઈને આવ્યા. અઠ્ઠમ પૂર્ણ થયો, આજે મારા હાથે પૂ.ગુરુદેવનું પારણું થાય તેવી ભાવના રાખતાં સવાર થી જ શ્વેત સાડીમાં સજ્જ મીનાબેને પોતાના અઠ્ઠમના પારણાની તૈયારી કરી, અને ભાઈએ લાવેલ મોસંબીનો રસ કાઢયો. હવે ગુરુદેવ પધારે ! ગુરુદેવ પધારે ! તેવા ભાવ સાથે રાહ જોઇ રહ્યા હતા ત્યાં તેમની ભાવનાના બળે ગુરુદેવના પગલા પાઠશાળા તરફ ઉપડયા અને જયાં દૂરથી ગુરુદેવને આવતા જોયા કે મીનાબેનનો મનમયુર નાચી ઉઠયો. ગુરુદેવને વહોરાવવાના, ગુરુદેવને પારણું કરવાના ઉત્કૃષ્ટ ભાવ સાથે મોસંબીના રસની તપેલી ઉપાડી રૂમમાંથી બહાર ઓસરીમાં આવી ગયા. ગુરુદેવ પણ તેના ઘર સમીપે આવી ગયા. મીનાબેનના મુખ પર તો આનંદ આનંદ છે અને ચંદનબાળાના આંગણેથી પ્રભુવીર પાછા ફર્યા હતા તેમ ગુરુદેવ પાછા ફરી ગયા રે મારું દુર્ભાગ્ય! આંગણે આવેલા ગુરુદેવ પાછા ફરી ગયાં! મીનાબેનની આંખમાંથી અશ્રુધારા વહેવા લાગી અને ગુરુદેવનો અભિગ્રહ પૂર્ણ થયો.

એકવાર પૂ. ગુરુદેવ અમરેલીમાં બિરાજમાન હતા અને અભિગ્રહ કર્યો કે મકાઈનો રોટલો અને કળથીનું શાક મળે તો લેવું. એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ કરતાં સાત-આઠ દિવસ વ્યતિત થઈ ગયા. લોકો ગુરુદેવની પાછળ ફરે. ગુરુદેવ કાંઈક તો કહો દિવસો જઈ રહ્યાં છે. કમ ખાના, ગમ ખાના, ઔર નમ જાના, આ મંત્રમાં જીવનને સુખી રાખવાનું રહસ્ય સમાયેલું છે, અને મારા અભિગ્રહનો રાઝ પણ તેમાં છે. લોકો તે રાઝને સમજી શકતા નથી પણ આ સુખી થવાનો મંત્ર લોકોની જીભે રમવા લાગ્યો અને જાણ્યે-અજાણ્યે ગુરુદેવે પોતાના અભિગ્રહ દ્વારા સુખની માસ્ટર કી લોકોને આપી દીધી.

યોગાનું યોગ આઠ દિવસ પછી ગોંડલીયા પરિવારને ત્યાં મકાઈના રોટલા અને કળથીના શાક દ્વારા ગુરુદેવનો અભિગ્રહ પૂર્ણ થયો. મકાઈનો મ કમ,ગમ,નમમાં હતો તે અભિગ્રહનું રહસ્ય હતું. વિવિધ અભિગ્રહ દ્વારા પ્રગટ થાય છે તપસમ્રાટનું સંકલ્પબળ અને મનોબળ..!

**- સાધ્વી સુબોધિકાબાઈ મ.**

---

## ઉદારતાની ઊંચાઈ

ઈ.સ. ૧૯૬૦નું ચાર્તુમાસ તપસમ્રાટ પૂ.ગુરુદેવનું અમરાવતીનું નિશ્ચિત થયેલું હતું. અમરાવતી સંઘ ગુરુદેવના ચાર્તુમાસની જય પણ બોલાવી ગયેલ અને ગુરુદેવે અમરાવતી જવા મુંબઈથી વિહાર પણ શરૂ કરી દીધેલ હતો.

તે સમયે અમરાવતીમાં ગુજરાતી-મારવાડી બંને સંઘ વિદ્યમાન હતા પણ ચાર્તુમાસ એક જ કરાવવું, તેવું બંને સંઘે નિશ્ચિત કરેલ તેથી બધાં સંપ-શાંતિ પૂર્વક ધર્મલાભ લઈ શકે. તે સમયે રાજસ્થાની સંત પૂ. ચાંદમલજી મ.સા., પૂ. લાલજી મ.સા.ને અમરાવતી ચાર્તુમાસના ભાવ અને તે જ વર્ષે આવવું તેઓશ્રીને અનુકૂળ હતું. મારવાડી સંઘ મુંઝાય કે હવે શું કરવું ? ઉપાશ્રયમાં

ગુજરાતી સંતનું ચાતુર્માસ નક્કી થઈ ગયેલ છે. પૂ. ચાંદમલજી મ.સા. બીજા વર્ષે આવી શકે તેમ ન હતા. સંઘ-સંઘ વાતચીત થઈ અને બધાં મળીને વિહારમાં તપસમ્રાટ પૂ. ગુરુદેવ બિરાજમાન હતાં ત્યાં આવ્યા. પૂ.ગુરુદેવને બધી વાત જણાવી કે આપે ચાતુર્માસ અર્થે વિહાર શરૂ કરી દીધો છે અને મારવાડી સંતની આ વર્ષે જ અમરાવતી ચાતુર્માસ કરવાની ભાવના છે તો અમે શું કરીએ ?

પૂ. ગુરુદેવે એક મિનિટનો પણ વિચાર કર્યા વિના કહી દીધું કે પૂજ્ય ચાંદમલજી મ.સા.નું ચાતુર્માસ કરાવો. હું પછી કરીશ. પણ ગુરુદેવ ! આપે વિહાર શરૂ કરી દીધો છે, આપ ક્યાં ચાતુર્માસ કરશો ?

મારી ચિંતા તમો ન કરો. વિદર્ભમાં બીજા ઘણાં ક્ષેત્ર છે. હું તો ગમે ત્યાં કરીશ પણ તેઓની અનુકૂળતા આ વર્ષની જ છે, તો ભલે સુખે સુખે પધારે... અને તપસમ્રાટ ગુરુદેવે ૧૯૬૦નું ચાતુર્માસ આકોલા કરી ૧૯૬૧નું ચાતુર્માસ અમરાવતી કર્યું. આ હતી તપસમ્રાટની ઉદારતાની ઊંચાઈ !

**- સાધ્વી બિંદુબાઈ મ.**

---

### સક્ષમ ગુરુ...

જ્યારે વ્યકિતની પુણ્ય રાશિ એકત્રિત થાય છે ત્યારે જ તેને સક્ષમ સદ્ગુરુનો યોગ પ્રાપ્ત થાય છે.

મને તપસમ્રાટ પૂ.ગુરુદેવનો યોગ ૧૯૯૨માં તારાપુર ચોકડીમાં શ્રી મહેન્દ્રભાઈ દોશીની ફેકટરીમાં થયો. પ્રથમવાર દર્શન કર્યા. પૂ. વીરમતીબાઈ મ.એ મારી ઓળખાણ કરાવી કે પૂજ્યવરા શ્રી મુક્તાબાઈ મ. અને પૂ. શ્રી સુમનબાઈ મ.ના બેન શ્રી જશવંતીબેન મોટાણીની દીકરી છે.

પૂજ્ય ગુરુદેવ શ્રી મારા મનને વાંચી રહ્યાં...અને પછી નામ પૂછ્યું અને પ્રશ્ન કર્યો...શું વિચાર છે ? સંયમ કે સંસાર.. ?

મેં પ્રત્યુત્તર આપ્યો ભાવ તો દીક્ષાના છે. પણ ઘરના કોઈ દીક્ષા માટે રાજી નથી.

બીજીવાર મુંબઇ વસઇમાં દર્શન કરવાનો મોકો મળ્યો ત્યારે પૂજ્ય ગુરુદેવે કહ્યું, તને સગાઈ ન કરવાના પચ્ચક્ખાણ આપું છું મને મારાથી કોઈ પણ જાતના વિચાર કે વિકલ્પ વિના ઉભા થઈ બે હાથ જોડાઈ ગયા ઘરમાં કોઈને વાત કરી નહીં બે જ વખતના દર્શનમાં મનમાં એક વિશ્વાસ આવી ગયો...સમય આવશે બધું થઈ જશે જેને માથે અને સાથે આવા સક્ષમ ગુરુ હોય એને ભય શું રાખવાનો ?

સંસાર રૂપી ખાણ અને 'પર' પદાર્થ રૂપી માટીમાં છૂપાયેલાં સોના રૂપી શિષ્યને જ્યારે સદ્ગુરુનો યોગ પ્રાપ્ત થાય છે ત્યારે તે આત્મા સત્‌ના પંથે આવવા કસોટી રૂપી ભઠ્ઠીમાં પણ સેકાવા તૈયાર થઈ જાય છે. જેમ તૈયાર થાય છે, સદ્ગુરુ તેના કષાયો અને કર્મના મેલને, વિનય અને વિવેકના ગુણો દ્વારા દૂર કરાવે છે. અને સુવર્ણની જે ચમકદાર બનાવે છે.

આ જ રીતે પૂ. ગુરુદેવે એક અબૂધ બાલિકાને પોતાના ચરણ-શરણમાં સ્થાન આપી મહા ઊપકાર કર્યા. હિંમત, વિશ્વાસ, અને સહન શીલતાના બીજ રોપ્યાં, જેનું મહત્ત્વ અસીમ ઉપકારી પૂજ્ય સુમનબાઈ મ.ની નાદુરસ્ત તબિયત સમયે સમજાયું. ગુરુકૃપાએ કર્મનું ગણિત સમજાયું અને સર્વ પરિસ્થિતિનો સ્વીકાર કરવાની શક્તિ પ્રાપ્ત થઇ. તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ શ્રીના સાંનિધ્યમાં માત્ર ચાર વર્ષની સંયમ પર્યાયમાં કૃપાદૃષ્ટિના અણમોલ દાન આપી શ્રેષ્ઠ સ્થાને સ્થાપિત કર્યા.

વડિયાથી જુનાગઢ જતાં રસ્તામાં બેઠી નદી આવે અને થોડા વરસાદમાં પણ ગમે ત્યારે પૂર આવી જાય. આ વાત સાંભળેલી હતી તેથી એ બાજુ જવાનો ડર લાગતો હતો. પૂજ્ય ગુરુદેવ મારા મનમાં રહેલાં ભયના ભાવને જાણે જાણી ગયા હોય તેમ એક દિવસ કહ્યું, પૂર્વીબાઈ મ. ને કાલે, પૂ. આરતીબાઈ મ. સાથે વિહાર કરવાનો છે. મને ખૂબ જ રડવું આવી ગયું, મને ભયના કારણે જવું ન હતું ત્યારે પૂ. ગુરુદેવે 'સવન' આપી કહ્યું આ પાસે રાખજો કોઈ તકલીફ નહીં આવે. અમે જૂનાગઢ પહોંચી ગયાં ગુરુકૃપાએ કોઈ જ તકલીફ ન પડી.

ગુરુના શબ્દો કયારેય નિષ્ફળ જતાં નથી. એમા પણ જયારે ગુરુ પ્રત્યે શ્રધ્ધા અને વિશ્વાસ હોય ત્યારે પ્રાપ્ત થતી ગુરુકૃપાનો આનંદ કંઈક અલગ જ હોય છે. મારો વરસાદનો ભય કાયમ માટે જતો રહ્યો. અશાંત અને અસ્થિર વિચારોને શાંત કરનાર તપસમ્રાટ પૂ. ગુરુદેવ અસીમ ઉપકારી છે.

**- સાધ્વી પૂર્વીબાઈ મ.**



# શુન્યત્વથી પૂર્ણત્વ

શૂન્ય બનવું સહેલું કે પૂર્ણ બનવું ?
ભગવાન બનવું સહેલું કે ભક્ત બનવું ?
ગુરુ બનવું સહેલું કે શિષ્ય બનવું ?

આ જગતમાં દરેકને કાંઇકને કાંઇક તો જોઇતું જ હોય છે. કાંઈ નહીં તો ગુરુના આશીર્વાદ...ગુરુની એક દ્રષ્ટિ...અને અંતે મોક્ષ તો બધાંને જોઈતો જ હોય છે.

કંઈક જોઈએ છે, એમાંથી કાંઈ જ નથી જોતું, તે દિશા પકડવી તે શૂન્યની દિશા છે.

જે શૂન્યની દિશામાં જાય છે તે જ પૂર્ણની દિશા સુધી પહોંચી શકે છે. જેને કાંઈ નથી જોતું તેને બધું જ મળી જાય છે.

જે ગુરુ શરણે શૂન્ય બને છે, તે જ પૂર્ણ બને છે. ગૌતમ મહાવીરના શરણે શૂન્ય બન્યાં, અપેક્ષા રહિત બન્યાં ત્યારે જ પૂર્ણત્વને પામ્યાં.

પોતાની જાતને જાતે શૂન્ય બનાવતાં વર્ષોના વર્ષો લાગે છે પણ જ્યારે વ્યક્તિ ગુરુના શરણનો સ્વીકાર કરે છે, ત્યારે ક્ષણમાં શૂન્ય બની શકાય છે અને એક વાર જે શૂન્ય બની જાય છે, પછી તે અડતાલીસ મિનિટમાં પૂર્ણ બની શકે છે માટે જ, શૂન્ય બનવું સ્વયં માટે અઘરું છે, પણ ગુરુ શરણે સહેલું છે અને શૂન્ય બન્યાં પછી પૂર્ણ બનવું એકદમ સહજ છે.

શિષ્ય એ જ છે જે પૂર્ણ બનવાની દોડને ભૂલી શૂન્ય બનવાની સાધનામાં લીન બને છે.



## સ્વપ્ન દર્શન

મને કોઈ સાધુ સાધ્વીનો પરિચય નહોતો પણ સ્વપ્ન દર્શનમાં પૂ.ગુરુદેવે કહ્યું કે સંસારના કીચડમાં પડી છો, તારું આત્મકલ્યાણ કરી લે. શાસનમાં જલ્દી આવી જા.

ખરેખર ! એ સ્વપ્ન સાકાર બની ગયું. પૂ ગુરુદેવ તો ભાવનગરમાં બિરાજમાન હતા. બે બેનોની દીક્ષાની પત્રિકા તૈયાર થઈ ગઈ હતી. એ સમયે હું દર્શન કરવા ગઈ ત્યારે પૂ. ગુરુદેવમાં પિતાનાં દર્શન કર્યા. અને કંદોઈની વાડીમાં સાંજના ૭.૩૦ વાગે દીક્ષાની આજ્ઞા અપાવી અને બેમાંથી ત્રણ દીક્ષા થઈ. આ સમય આપનો કેવો અનંતો ઉપકાર હતો જેનું વર્ણન કરવું અશકય છે.

આ સમયે આપનો વિહાર દામનગરનો હતો. તે વિહાર રદ કરીને અને અમારી વિનંતીને માન આપીને એક જ દિવસમાં ૧૦૦ કી.મી. વિહાર કરી મહુવામાં પાવન પગલા કર્યા. ધન્ય બની ગયો મહુવા સંઘ અને ધન્ય, અતિ ધન્ય તો હું બની ગઈ.

વિચાર કરો કે, પૂ. ગુરુદેવ કેવા મહાનજ્ઞાની હતાં. બેની દીક્ષા નક્કી થઈ પણ ત્રણ દીક્ષાની તૈયારી કરાવતા હતાં. બધાં સતીવૃંદો કહેતા કે, પૂ. ગુરુદેવ દીક્ષા બેની જ છે અને ઉપકરણો કેમ ત્રણ ત્રણ તૈયાર કરાવો છો ?

બસ, ગુરુદેવ કહે તમે જોયા કરો અને ખરેખર ત્રણ દીક્ષામાં મારો નંબર લાગી ગયો. આ છે પૂ.ગુરુદેવનો ઉપકાર કે જેમણે મને દીક્ષાના દાન દીધા.

**- સાધ્વી શ્રૈયાંસીબાઈ મ.**


દિલ્હીમાં રહેવા જમવાની ઉમદા સગવડ

5 Star Amenities
SWATi Hotels

15-A/56, W.E.A. Karol Bagh, Opp. Roopak Stores, Ajmal Khan Road, New Delhi - 110005.
17-A/32, W.E.A. Karol Bagh, Gurudwara Road, Opp. Jasaram Hospital, New Delhi-110005.

Suruchi
VEGETARIAN RESTAURANT
Delhi: Karol Bagh ★ Shalimar Bagh ★ Anand Vihar ★ Faridabad
Opening Shortly
Bhopal - Jalandhar - Raipur

Shudh
North India's First Vegetarian Food Court
Delhi: Karol Bagh
Jalandhar
Opening Shortly
Bhopal - Guwahati

Franchise inquiry solicited
Tel. : +91-11-45000300 • Resv.No. : +91-11-45000325/26
Email : info@hotelswati.com / reservation@hotelswati.com
www.swatihotels.com
www.shudhrestaurant.com • www.suruchirestaurants.com

A VENTURE OF SUGAL & DAMANI GROUP

ભૂતકાળના ભાર નીચે આપણે
વર્તમાનના આભારને ભૂલી જઈએ છીએ.
– શ્રી ઠોસાણી પરિવાર

# CRESCITA : "Multiplying Wealth & Opportunities"

CRESCITA GROUP

## CRESCITA ADVISORS LLP
## CRESCITA ADVISORS (PTE) LTD (SINGAPORE)
## CRESCITA BUILDERS LLP

## Financial Advisory Services

- Equities, Commodities, Equity Derivatives (Futures & Options), Currency Derivatives, Mutual Funds, Primary Markets (IPO's) & Private Equity Advisory in Financial Markets
- Non Resident Indian (NRI), PIO, OCI, Individual & Foreign / Domestic Institutional Investors (FII / DII), Advisory & Portfolio Management Services
- Fundamental, Technical & Quantitative Research based Financial Advisory Services

## Real Estate Advisory Services

- Next Generation Residential Real Estate Investment Opportunities & Investments in Second / Vacation Homes
- Opportunities ranging from Affordable to Premium-Signature Residential Real Estate
- ***Recently Launched :***

  Upcoming ***40 Storey Residential Tower "Zeus Residency"*** at SION, Mumbai, with all recreational & modern amenities and situated in the heart of Mumbai City

## Crescita Group

CRESCITA GROUP

- Get your all Financial Services & Real Estate Advisory needs sufficed at a one stop shop
- Proactive & professionally managed group with vast experience in Financial & Realty Sectors for identifying & creating opportunities
- Dedicated team for Portfolio & Real Estate Management Services for Non Resident Indian Individuals & Institutional Investors
- Strong Research team with experience based knowledge & high levels of professionalism.

Hemant Thosani - +91-98200 71477 Mitesh Shah - +91-98200 75298 Bhavesh Shah - +91-97573 52597

***Mumbai Office :***

**101/102, Midas Tower, 1st Floor, Bhaudaji Road Extension, Sion West, Mumbai 400022**
**Tel: +91-22-2404 4 786 / 2404 9 786 (Tel/Fax) • Mob: +91-9757 22 1234 / 9757 333 444 / 9969 333 444**
**Email : info@crescitagroup.com • Web : www.crescitagroup.com**

***Singapore Office :***

**#03-18, High Street Centre, 1, North Bridge Road, Singapore – 179094**
**Tel: +65-6338 5404 / 6338 0402 • Fax: +65-6339 8742 • Mob: +65-9126 2665 – Mr B R Shah**

NSE National Stock Exchange of India Limited | Bombay Stock Exchange Limited BSE The edge is efficiency | NCDEX | MCX India's No.1 Commodity Exchange | MCX-SX MCX STOCK EXCHANGE | MANSUKH Investment & Trading Solutions make more, for sure.

# વડિયા ગૌશાળા

## તપસમ્રાટને પ્રિય ગાયો... ગાયોને પ્રિય તપસમ્રાટ...





તપસમ્રાટના પ્રેમથી તૃપ્ત ગાયો... ગાયોના દૂધથી બનતી છાશથી તૃપ્ત ગ્રામજનો...!



હે ગુરુદેવ !

અંતરીક્ષ માં રહીનેય

અંતર માં જ

રહો છો....





# તપસમ્રાટની કૃપા... બની અમારી શ્રધ્ધા

## રક્ષક ગુરુદેવ !

ઇ.સ. ૧૯૫૬ માં જ્યારે તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ શ્રી બગસરા બિરાજમાન હતાં, ત્યારે મારા મમ્મી અમારા ઘેલાણી પરિવારને લઈ ગુરુદર્શન કરવા ગયેલ. દર્શન કરી પાછા જતી વખતે પૂજ્ય ગુરુદેવે કહ્યું, આજે અહીં રોકાઈ જાવ, કાલે નીકળશો. અને ઘેલાણી પરિવારે બગસરા રોકાણ કર્યું. સવારે સમાચાર મળ્યાં કે નાસિક કલ્યાણની જે ટ્રેઈનમાં ઘેલાણી પરિવાર જવાનો હતો તે ટ્રેઇનને અકસ્માત નડ્યો હોવાથી ટ્રેઇન ઊંધી પડી ગઈ અને અનેક જાન હાનિ થઈ. પૂજ્ય ગુરુદેવે સંકેત આપી સુરક્ષા કરી. મમ્મીએ પૂજ્ય ગુરુદેવનો ખૂબ ખૂબ આભાર માન્યો. એમની શ્રધ્ધા દૃઢ બની.

ઇ.સ. ૧૯૯૧. પૂ.ગુરુદેવનું અને સંત-સતીજીઓનું વડીયા ચાર્તુમાસ... કેતન રોજ ગોંડલથી વડીયા પૂ. ગુરુદેવના દર્શન કરવા જતાં. વડીયાથી ગોંડલ આવતા રસ્તામાં સાંજે વીજળી સાથે ધોધમાર વરસાદ વાવાઝોડું અને અંધારપટ્ટ થઈ ગયો. થોડીવાર માટે કેતન ગભરાયા, પણ ગુરુદેવની સવન પ્રસાદી એમની પાસે હતી. તે ખિસ્સામાંથી કાઢી અને ગુરુદેવના જાપ એક જગ્યા પર ઉભા રહી મનોમન કરવા લાગ્યા. અડધા કલાકમાં જ વરસાદ થંભી ગયો. ગોઠણ ડૂબ પાણી પણ ઓસરવા લાગ્યા અને કેતન પૂ. ગુરુદેવનો ખૂબ આભાર માનતા, યાદ કરતાં કરતાં ઘરે પહોંચી ગયા.

**- શ્રી અલ્પાબેન દેસાઈ**, ગોંડલ

## પરોક્ષ અનુભવ

જેમના નામથી સર્વ વિઘ્ન દૂર થાય અને જેમના સંસ્મરણથી ભીતરમાં પ્રકાશ થાય તેવી વિરલ વિભૂતિ, તપસમ્રાટ પૂ. ગુરુદેવશ્રી રતિલાલજી મહારાજ સાહેબે અમારા જીવનને ધન્ય બનાવી દીધું.

A Divine Soul... A magnificent tree of inner knowledge, whose fruits reaped by thousands of people who experienced his divine grace.

A light house for innumerous souls freeing them from the darkness of their own vices & negative karmas & leading them to the path of inner purification.

વર્ષીતપ કરવાની ભાવના તો મનમાં હતી જ પરંતુ એમ પણ હતું કે આખુ વર્ષ કરવાનું, આખા વર્ષ દરમિયાન તો ઘણા સારા-માઠા પ્રસંગો આવે તો શું મારાથી થઈ શકશે ? છોકરાઓ બહારગામ ભણે તેના માટે ગમે ત્યારે જવું પડે, ઘરની જવાબદારી હોય તો શું આ બધું કરતાં-કરતાં પણ થઈ શકશે ! હા, થઈ શકશે, નહીં, થઈ ગયો. બસ, માત્ર ગુરુદેવનું નામ સ્મરણ, વર્ષીતપ પૂરો થઈ ગયો, એ પણ નિર્વિઘ્ને ! કોઈ પ્રકારની મુશ્કેલી નહીં. ધાર્મિક દરેક પ્રવૃતિઓ કરતાં અને ઘરકામ કરતાં પણ મનમાં એટલો આનંદ અને હર્ષોલ્લાસ થાય કે આખું વર્ષ ક્યારે પૂરું થઈ ગયું કંઈ જ ખબર પડી નહીં.

ગોંડલથી વડીયા પદયાત્રામાં જોડાયા, સાંજે પાંચ કી.મી. ચાલ્યા અને બીજે દિવસ સવારે દસ કી.મી. ચાલ્યા પછી તો પગ દુ:ખવા લાગ્યા. મનમાં થવા લાગ્યું કે હવે આવતી કાલે કેમ ચલાશે પણ ગુરુદેવનું નામસ્મરણ કરતાં કરતાં સૂઈ ગયા અને વહેલી સવારે ઊઠી પ્રતિક્રમણ કરી ગુરુદેવ મંત્ર સ્મરણ ''તપસ્વી ગુરુ શરણં મમ્, સકલ વિઘ્ન હરણં મમ'', કરતાં કરતાં પદયાત્રા શરૂ કરી. એકવાર પણ અટક્યા વગર સીધા ૧૬ કી.મી. મહાસતીજીઓની સાથે બીજા ગામ દેવડા પહોંચી ગયા. પગ દુ:ખવાનું, થાક લાગવાનું કે મનનું ડગમગ થવાનું તો નામ જ નહીં. જેને અનુભવ થાય તેને જ ખબર પડે કે આ તપસ્વી તેજોમય તારલો એ શું છે ? તેમની કૃપાદષ્ટિ અમી દષ્ટિ હંમેશાં તેમના ભક્તો પર અવિરત વહ્યા જ કરે છે અને દરેકને તેનાં ભાવ પ્રમાણે તેના આશીર્વાદ અવિરત મળ્યા જ કરે છે.

**- ભાવનાબેન માટલીયા**, રાજકોટ

## નવની અખંડિતા

પૂ. ગુરુદેવનાં જીવનમાં નવના આંકને અગ્ર સ્થાન હતું. તેમનો જન્મ ૧૯૬૯ માં, તેમાં પણ નવનો આંકડો. રમત ૯ વર્ષની ઉંમરે રમતા, તેમનાં ગુરુ પ્રાણનો જન્મ પણ ૯ ના આંકડામાં, તેમની દીક્ષા પણ ૧૯ મે વર્ષે થઇ. ૯ વર્ષ મૌન વ્રત ધારણ કર્યું, મૌન વ્રતમાં મનની મસ્તી માણતા ૯ વર્ષમાં ૧૯ આગમ કંઠસ્થ કર્યા. ૧૯ વર્ષ સુધી સતત એકાંતર ઉપવાસ કર્યા. ૧૯ વર્ષ સચેત જળનો ત્યાગ, એક સાથે ૯ લોકોને પોતાના શ્રીમુખે મલાડ મુકામે દીક્ષાના દાન આપ્યાં.

૯૯૯ આંયબિલ કરી એમાં પણ અલ્પ દ્રવ્યો વડે જ! આમ ૯ નાં આંકને જીવનમાં ધારણ કરેલ. અંતિમ સમયે પણ મારો ૯ નો આંક જ રહેશે, આ તેમની ઇચ્છા હતી. અને અંતિમ શ્વાસ ૧:૩૫ મિનિટે લીધો. એનો સરવાળો પણ ૯ જ થાય. ૯ નાં આંકને તેઓએ જીવનમાં તાણાવાણાની જેમ વણી લીધો હતો.

પંચમ ગતિને પ્રાપ્ત કરવા તેમનો ૯ નો આંક શીઘ્ર મોક્ષ ગતિને વરે એ જ ભક્તજનોની અભિલાષા.

**-હર્ષાબેન કોઠારી**, રાજકોટ

## અંતરીક્ષથી આશીર્વાદ

પૂ. ગુરુદેવ હયાત હતાં ત્યારના સંસ્મરણો તો બધાંએ લખ્યા હશે પણ ગુરુદેવ અમારી વચ્ચે નથી છતાં પણ પ્રભાવ કેવો છે, તેનો પ્રસંગ વડિયાના આબાલ વૃધ્ધોએ નિહાળ્યો હતો તે ટૂંકમાં રજુ કરૂં છું.

ગૃહસ્થ જીવનમાં રહેતા દરેક સંસારી જીવોની એવી રસમ છે કે માનવ જ્યારે મૃત્યુ પામે તેની પાછળ ૧૨ માં દિવસે તેનો દાડો (તિથિ) કરવામાં આવે છે. આ રિવાજ પ્રમાણે જ પૂ. ગુરુદેવશ્રીની ગાડીઓ ચલાવનાર પૂ. ગુરુદેવના દરેક ભકતજનો જેમાં ખાસ કરીને અન્ય ધર્મીઓએ વિચાર કર્યો કે આપણા દાદાજી (ગુરુદેવ) તો ચાલ્યા ગયાં, તેની પાછળ આપણે બધાં સાથે મળીને પૂ. ગુરુદેવની જે કર્મભૂમિ છે ત્યાં સાથે મળીને વડિયાની તમામ સ્કૂલના બાળકોને જમાડવા. આવો નિર્ણય જ્યારે રોયલ પાર્ક ઉપાશ્રયમાં પૂ. ગુરુદેવના અંતિમ દર્શન કર્યા ત્યારે જ કર્યો હતો. સમય ને જતાં વાર લાગતી નથી. ૧૧ દિવસ પસાર થયાં. ૧૨ માં દિવસે તો ૧૯-૨-૯૬ ને ગુરુવાર દિને દરેક બાળકોને પ્રાણકુંજમાં બોલાવ્યા. તમામ સ્કૂલના બાળકો આવ્યાં, ભોજનમાં બુંદી, ગાંઠીયા, ચણા વગેરે બનાવવામાં આવેલ. દરેક બાળકો જમતા જાય દર્શન કરી ચાલ્યા જાય. અંદાજે ત્રણ હજાર બાળકો જમ્યા હશે. બાકીના ભાઇ, બહેનો બાકી હતાં. બુંદી, ગાંઠીયા પીરસતા હતાં ત્યાં એમ થયું બુંદી તો બરાબર થઇ હશે પણ ગાંઠીયા કદાચ ઘટશે એટલે બોકસમાં રાખેલ ગાઠીયાનો ભૂક્કો કરીને બધાંને આપતાં હતાં. ત્યાં જ મારા મમ્મી (હંસાબેન) ને ખબર પડી, એમણે પીરસનાર વ્યક્તિને કહ્યું,ગાંઠીયાનો ભૂક્કો કરો નહીં, ગુરુકૃપાએ વાંધો આવશે નહીં. ગાંઠીયા સાવ થોડાંક જ વધ્યા હતાં, ઉપર કપડું ઢાકેલ હતું, બાળકો બધાં જ જમી ગયા અને બધાં કાર્યકર્તાઓને પણ પ્રસાદી બરાબર થઇ ગઇ.

બહાર ઉભેલા ભિક્ષુકોને અંદર બોલાવ્યા, તેઓ પેટ ભરીને જમ્યા. પ્રસંગ પૂર્ણ થયો અને જયારે સાફ સફાઇ કરતાં હતાં ત્યાં ગાંઠીયાનું બોકસ ખાલી હોવાથી કચરામાં નાંખવા જતાં હતાં, હું બોકસ હાથમાં લેવા જતો હતો પણ આ શું ? બોકસ તો વજનદાર હતું. એક હાથે બોકસ ના ઉપડયું મેં બોકસ ખોલીને જોયું તો તે બોકસ ગાંઠીયાથી ભરેલુ હતું. ત્યાર બાદ જાપમાં આવનાર બહેનોને પણ પ્રસાદી આપી, ગ્રામ્યજનોને પણ પ્રસાદી મોકલાવી. છતાં પણ બુંદી ગાંઠીયા ખૂટયા નહીં. આ પૂ. ગુરુદેવની ગેરહાજરીનો પ્રસંગ મેં મારી નજરે જોયેલો પ્રસંગ છે.

**- કમલેશ.વી.શેઠ**, રાજકોટ

## લબ્ધિના સ્વામી

- જયારે મેંદરડાથી વિસાવદર આપશ્રી વિહાર કરીને જઇ રહ્યાં હતાં જયારે આપની સાથે વિહારમાં સો જેટલાં ભાવિકો હતાં. ગીરવાળા રસ્તા પર કયાંય પાણીનું ટીપું મળે નહીં. સાથે ચાલનારા સહુને ભૂખ અને તરસ લાગ્યાં. એક ભાઈએ જઇને પૂ. ગુરુદેવને રજુઆત કરી, અમને ભૂખ તરસ લાગ્યાં છે. અને ચાલી શકાતું નથી.

પૂ. ગુરુદેવે બધાંને એક સ્થાને બેસાડી પાંચ લોગસ્સનો કાઉસ્સગ કરાવ્યો. જયારે આંખ ખોલી તો સામે પાણીનું મોટું ઝરણું, લાડવા, ગાંઠીયા આદિ ભોજનની વસ્તુઓ...! સહુ આશ્ચર્ય ચકિત થઇ ગયાં, પૂ. ગુરુદેવનો જય જયકાર બોલાવ્યો.

- મારા માસીના દીકરા શ્રી નટવરલાલ વલ્લભદાસ શેઠ (બગસરા વાળા) તેમની મુંબઈમાં ભીવંડીમાં પાવરલૂમો હતી. એક દિવસ તેમાં આગ લાગતાં તમામ પાવરલૂમો સળગી ગઈ...માત્ર જમીન જ રહી તેઓ તરતજ પૂ. ગુરુદેવ પાસે ગયાં અને દર્શન કરી બધી વાત કરી. પૂ. ગુરુદેવે કહ્યું, નટુ! મુંઝાઇશ નહીં... કાલે સવારે સાડા છ વાગે, તારી એ જમીન પર ઉભો રહેજે....બધાં

ગુરુ શિષ્ય

# એક તડપ

ગુરુ અને શિષ્ય વચ્ચેનું સ્નેહ સંવેદન એટલે પાણી વિના તરફડતી માછલી જેવું વેદન !

જેમ પાણી વિના માછલીનું જીવન હોય,
તેમ ગુરુ વિના શિષ્યનું જીવન હોય.

માછલી પાણીમાં મસ્ત બનીને તરે...
શિષ્ય ગુરુ ભક્તિમાં રત બનીને તરે...

જેમ પાણીની બહાર માછલી ન ખાય શકે,
ન જીવી શકે, ન શ્વાસ લઇ શકે,
તેમ ગુરુ વિના શિષ્યને પણ ન ખાવું ગમે,
ન જીવવું ગમે, ન કોઇને મળવું ગમે.

ગુરુનું સ્મરણ એ જ શિષ્યનો શ્વાસ હોય
ગુરુ વિનાની કલ્પના શિષ્ય કલ્પી જ ન શકે.
ગુરુ વિનાનું જીવન એને બેચેન બનાવી દે.

જેનો જીવ ગુરુ ચરણમાં હોય,
એ ભાગ્યે જ સંસારમાં જીવી શકે.
જ્યાં સુધી જલ બિન મત્સ્ય જેવી તડપ ન જાગે ત્યાં સુધી શિષ્યત્વ સાર્થક ન થાય.
ગુરુ મિલન... ગુરુ દર્શન... ગુરુ સાંનિધ્ય માટે જ્યારે અંદરથી ઉલ્લાસ ભાવ જાગે છે ત્યારે જ ગુરુ માટે હૃદય તડપે છે.

હૃદય તડપે એ જ શિષ્યત્વની ફળશ્રુતિ ! હૃદયની તડપ જ ગુરુત્વની અનુભૂતિ કરાવે.

સારા વાના થઇ જશે. નટુભાઈએ ગુરુદેવના વચનનું પાલન કર્યું અને એમનો બેડો પાર થઈ ગયો. જગતમાં ઉંચામાં ઉંચી જાતના મલ મલની ''આશીર્વાદ મીલ'' કરી પૂ. ગુરુદેવના આશીર્વાદને અનુભવ્યાં.

- વડિયા મુકામે ત્રણ દીક્ષા હતી. અમે પણ ગયાં હતાં પણ મારી તબિયત સારી ન હોવાથી હું રૂમમાં હતી. બાજુમાં જમીનમાં ખાડા કરી કેરીના રસની મોટી કોઠીઓ રાખી હતી. જમણવાર શરૂ થતાં થોડીજ વારમાં કોઠી ખાલી થવા આવી પૂ. ગુરુદેવને ખબર પડી. ગુરુદેવ ત્યાં પધાર્યા, રસની કોઠીની જગ્યાએ ચાર આંટા માર્યા પછી રસોડામાં એક નજર કરી અને પછી મારી પાસે આવ્યાં અને કહેવા લાગ્યા કેમ, ગુણીબેન ! દીક્ષાના વરઘોડામાં ગયાં નથી ? મેં કહ્યું, મને સખત તાવ છે અને શ્વાસ ચઢયો છે. પૂ. ગુરુદેવે માંગલિક ફરમાવ્યું...તાવ અને શ્વાસ મટી ગયાં અને આ બાજુ રસની કોઠીઓ ભરપૂર ભરાઈ ગઈ...ગમે તેટલું જમે ખૂટે જ નહીં... ! દરેક વસ્તુમાં લબ્ધિ....લબ્ધિ અને લબ્ધિ જ છે. આ છે તપસમ્રાટ પૂ. ગુરુદેવ..!!

- એક વખત અમે સંઘ લઇને પોરબંદરથી વડિયા પૂ. ગુરુદેવનાં દર્શન કરવા ગયેલ. રસ્તામાં ડ્રાઈવરને સખત તાવ અને ઉધરસ થઈ ગયાં. માંડ માંડ અમને વડિયા પહોંચાડયાં. વડિયા જઈ પૂ. ગુરુદેવને વાત કરી, ગુરુદેવે ડ્રાઈવરને પાસે બેસાડી માંગલિક સંભળાવ્યું. રૂદ્રાક્ષની માળા અને મંત્ર આપ્યો, થોડીજ વારમાં ડ્રાઈવરને તદ્દન સારૂં થઇ ગયું. અમે પૂ. ગુરુદેવનો જય જયકાર બોલાવ્યો.

પૂ. ગુરુદેવ તો સાક્ષાત ભગવાન હતાં અને સહુનું કલ્યાણ કરતાં હતાં એમનો જોટો તો જગતમાં કયાંય જડે નહીં.

**- શ્રી ગુણવંતીબેન પંચમિયા,** પોરબંદર

---

## અંતરયામી

જીવનમાં સહનશકિત ખીલે અને સ્વાર્થ વૃત્તિ ઘટે ત્યારેજ બધાને ઉપયોગી બની શકાય છે. અને જે બીજાને ઉપયોગી બને છે તે જ લોક હૃદયમાં અને લોક સિંહાસન પર બિરાજમાન થાય છે. આવા હતાં તપસમ્રાટ પૂ. ગુરુદેવ અને એમનાં સાંનિધ્યમાં સત્યુગ જેવો સુવર્ણકાળ વર્તતો હતો.

એક સમયની વાત છે, સાવરકુંડલામાં પૂ. ગુરુદેવના સાંનિધ્યમાં એક કાર્યક્રમ રાખવામાં આવેલ. સંઘ પણ આંગણે આવેલા પ્રસંગને ઉત્સાહભેર ઉજવવા તૈયાર હતાં, પરંતુ અમુક વર્ગ જે પૂ. ગુરુદેવની વિરુધ્ધમાં હતો તેમણે કહ્યું પૂ. ગુરુદેવનો પ્રવેશ અને કાર્યક્રમ રાખશો નહીં, અમે તમારૂં કાર્ય પાર પડવા દઇશું નહીં.

પૂ. ગુરુદેવ તો અંતરયામી હતાં. બધાંનાં મનના વેગને પોતાની આત્મિક સૂઝથી વાંચી શકતાં હતાં. તેથી તેઓ ઉગ્ર વિહાર કરીને પ્રવેશ પહેલાં જ ઉપાશ્રયમાં પધારી ગયાં અને સંઘને જણાવ્યું, તમે ચિંતા કરશો નહીં, તમારૂં કાર્ય નિર્વિઘ્ન પાર પડશે.

બીજે દિવસે વિરોધી તત્ત્વો આવ્યાં, અમંગળ કરવાની ભાવનાથી એક અલગ જુસ્સાથી ઉપાશ્રયમાં પગ મૂક્યાં, અને તે જ પળે તેમનામાં કંઇક એવું થયું કે, તે જ લોકો એકદમ નરમાશથી પૂ. ગુરુદેવની પાસે આવ્યા, વંદના કરી, સુખશાતા પૂછીને ચાલ્યાં ગયાં, જાણે કયારેય કાંઇ પણ અશુભ કરવાની ભાવના એમના હૃદયમાં જાગી જ ન હતી. !! આ મેં નજરે જોયેલી ઘટના છે.

**- જયશ્રી જિજ્ઞેશ મહેતા,** કાલાવડ-શીતલા

---

## વચન પાલક

હું વૈષ્ણવની દીકરી અને જૈન પરિવારમાં જેતપુરના મનીષ સગાલા સાથે મારા લગ્ન થયાં. મનીષ તપસમ્રાટ પૂ. ગુરુદેવની ખૂબ જ નજીક તેથી હું પણ એમના દર્શન કરવા ગઈ. પહેલી જ વારના દર્શન પણ એમની આંખો મને કંઇક અલગ જ લાગી. પ્રેમની ભિનાશ ભરેલી, લાગણીના સાગર જેવી એ આંખો આજે પણ મારી આંખો સમક્ષ છે. માળા આપી, નમસ્કાર મંત્ર શીખડાવ્યો અને ગુરુનું મહત્ત્વ સમજાયું. પિતા જેવો પ્રેમ મળ્યો.

મારા કાકાજી-કાકીજીના વર્ષીતપ પારણાં હતાં. તપસમ્રાટ પૂ. ગુરુદેવ અમારે ત્યાં પધાર્યા હતાં. જમણવાર પૂરો થઈ ગયો હતો. ત્યાં જ વિસાવદરથી ગાઠાણી પરિવારના ૨૦ સભ્યો દર્શન કરવા આવ્યાં. પૂ. ગુરુદેવે એમને જમાડવાનું કહ્યું બીજું બધું હતું પણ દાળ ફક્ત બે વાટકી જ વધી હતી. મેં પૂ. ગુરુદેવને યાદ કર્યા અને બે વાટકી દાળમાં જ મહેમાનો જમ્યાં, છતાં દાળ એટલી જ હતી. એક વાર પ્રભાવનામાં બુંદીના લાડવા ઘટી પડયાં. ગુરુદેવે આવી પછેડી ટોપલાં પર ઢાંકી લાડવા આપવાનું કહ્યું- તમામ લોકોને પ્રભાવના અપાઈ ગઈ છતાં લાડવા એટલાં જ રહ્યાં.

પૂ. ગુરુદેવે મને, મનીષને અને મારા મોટા ભાઈને માળા આપી છે. અમે સાચા હૃદયથી ફેરવીએ છીએ. ૮/૨/૧૯૯૮ નાં મોટાભાઈનો ફોન આવ્યો, ગીતા ! માળાને કોઇ અડયું નથી, છતાં માળા તૂટી ગઈ છે અને મોતી છૂટા પડી ગયાં છે. મેં તરતજ મારી માળા જોઇ તો મારી માળા પણ આપમેળે જ તૂટી ગઈ હતી. મનીષની માળા પણ તૂટી ગઈ હતી. મનમાં કાંઇક અજુગતું થવાની શંકા ચાલતી હતી ત્યાં જ રાજકોટથી પૂ. ગુરુદેવના કાળધર્મના સમાચાર આવ્યાં.

પૂ. ગુરુદેવને મેં કહેલું, રાજકોટનો ફલેટ તૈયાર થઇ જાય ત્યારે પહેલાં તમારે પધારવાનું છે, પછી જ અમે રહેવા જઇશું. પણ પૂજ્ય ગુરુદેવને તો ખબર જ હતી...એટલે મને કહે, ઉતરવાનું તો નહીં થાય પણ પગલાં કરવા જરૂર આવીશ. ફલેટ તૈયાર થયો તે પહેલાં પૂ. ગુરુદેવ કાળધર્મ પામી ગયાં હતાં. મનમાં ખૂબ જ અફસોસ થતો હતો. પૂ. ગુરુદેવના પગલા ન કરાવી શક્યાં. !

બે-ત્રણ દિવસ પછી વહેલી સવારે હું સૂતી હતી ત્યાં પૂ. ગુરુદેવ હાથમાં પાત્રા લઈ મારા સ્વપ્નમાં આવ્યાં અને કહ્યું, મેં પગલાં કરવાનું વચન આપ્યું હતું તે પૂરૂં કરવા આવ્યો છું.

પૂ. ગુરુદેવ ભલે પ્રત્યક્ષ નથી પણ યાદ કરૂં એટલે આવી જ જાય છે. આ મહાવીર જયંતિના રોજ પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા ના સાંનિધ્યમાં ભક્તિ સંધ્યા હતી. હું પણ ત્યાં ગુરુભક્તિ કરવા ગઈ હતી. ભકિત સ્તવનો સાંભળતા સાંભળતા પૂ. ગુરુદેવને યાદ કર્યા, અને મનમાં કહ્યું, મારે પણ તમારી ભક્તિ કરવી છે પણ પૂ. નમ્રમુનિ મ.સા. બોલાવે નહીં તો કેમ જાઉં ?

જયાં મેં આંખ ખોલી તો પૂ. નમ્રમુનિ ગુરુદેવ મારી સામે જોતાં હતાં. તેમણે મને ભક્તિ સ્તવન ગાવા માટે આગળ આવવા કહ્યું જેવી હું આગળ આવી કે તરતજ તેઓ બોલ્યાં, ગુરુ ભક્તિ કરવી હોય ત્યારે આમંત્રણની રાહ ન જોવાય ! હું તો સ્તબ્ધ થઈ ગઇ..!! મેં તો તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવને વિનંતિ કરી હતી અને જવાબ પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા. એ આપી દીધો...!!

મેં અત્યાર સુધી ઘણાં સ્તવનો ગાયા છે, ઘણાં પ્રોગ્રામ કર્યા છે, પણ આજના ચમત્કારથી એવી ભાવવિભોર થઇ ગઈ કે સૂર અને શબ્દો બધું જ ભૂલી ગઇ..!!

**- શ્રી ગીતાબેન સાગલા,** રાજકોટ

---

## ઉધ્ધારક

એક ગામમાં પૂજ્ય ગુરુદેવ પધાર્યા હતાં. પ્રવચન ચાલતું હતું, ત્યારે

એક છોકરો ઝાડ પરથી નીચે પડયો અને બેભાન થઈ ગયો. તેના પિતા ચિંતિત થઈ ગયાં અને પૂ. ગુરુદેવ પાસે લઈ આવ્યાં. પૂ. ગુરુદેવે દીકરાના માથે પ્રેમથી હાથ ફેરવ્યો અને માંગલિક ફરમાવ્યું. દીકરો તરતજ ભાનમાં આવી ગયો અને સાજો થઇ ગયો.

તપસમ્રાટ એક વચની હતા. બોલ્યું ક્યારેય ફરતાં નહીં અને ધારેલું કામ અને કાર્ય સિધ્ધ કર્યે જ રહેતાં. જે એમના જીવનમાં આવ્યાં એમનો બેડો પાર થઈ ગયો.

**- શ્રી ગીતાબેન ગાંધી**

### સત્યનિષ્ઠા

ઇ.સ. ૧૯૭૪ માં પૂ. ગુરુદેવ માણેકપુર, વસઇ પધાર્યા. સંઘ ભાડાની જગ્યામાં ચાલતો હતો. મારા મામા કમિટીમાં હતાં તેમણે અહીં ધર્મસ્થાનાક થાય એવી ભાવના ભાવી. પૂ. ગુરુદેવે દોશી પરિવારને પ્રેરણા કરી અને એમણે ગુરુઆજ્ઞા સ્વીકારી. અત્યારે જયાં ઉપાશ્રય છે ત્યારે ત્યાં કોઈ ઘર પણ ન હતાં પણ પૂ. ગુરુદેવે કહ્યું હતું, આ જમીન ઉકળતી છે અને ભવિષ્યમાં ઉપાશ્રય મધ્યમાં આવશે. આ સત્ય આજે દેખાઇ રહ્યું છે. પાંચ પાંચ વૈરાગી બેનોની દીક્ષાનો અણમોલ અવસર પણ પ્રાપ્ત થયો.

**- શ્રી અજમેરા પરિવાર**, વસઇ

### દીર્ઘદષ્ટા

આજથી ૩૦ વર્ષ પહેલાં મેંદરડાથી હેમાણી પરિવાર સાથે પૂજય ગુરુદેવના દર્શનાર્થે ગયા હતાં. પૂ. ગુરુદેવે પૂછયું, ભોજન કરીને આવ્યા છો? અમે હા પાડી પણ પૂ. ગુરુદેવ સમજી ગયાં. અમને કહે સામે ટીફીન પડયું છે, જાવ, પહેલાં જમી લ્યો. ટીફીન ખોલીને જોયું તો લાડવા,ભજીયા,દાળભાત આદિથી આખુ ટીફીન ભરેલું હતું.આવી છે તપસમ્રાટની દીર્ઘ દષ્ટિ..!

ચા ની આદતના કારણે તપ થાય નહીં. મનમાં દુઃખ થતું કે આ અંતરાય કેમ તૂટશે? મારા મનની વાત પૂ. ગુરુદેવ જાણી ગયા હશે એટલે ૨૦૦૦ ની સાલમાં પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા. અને પૂજ્યવરા મુક્તાબાઈ મ. આદિનું ચાતુર્માસ હતું. મેં પૂ. તપસમ્રાટની સમાધિએ દર્શન કરી પૂ. નમ્રમુનિ મ.સા.ની પાસે પચ્ચક્ખાણ લઈ વર્ષીતપ પ્રારંભ કર્યો. દોઢ મહિનો થયો ત્યાં મોરબીમાં ભૂકંપમાં મેં મારા ભાઈ, ભાભી અને ભત્રિજી ને ગુમાવ્યા. બધાં એ પારણાનો આગ્રહ કર્યો. પણ તપસમ્રાટની કૃપા પ્રભાવથી ૧૪ મહિના નિર્વિઘ્ને પૂરા થયાં.

**- શ્રી હર્ષાબેન મહેતા**, ગોંડલ

### અનન્ય લબ્ધિ

ગોંડલથી વડિયાની પદયાત્રામાં લાભ લીધેલ. હુ તો ચાલી શકું તેમ હતી જ નહીં પણ પૂ. ગુરુદેવનું સ્મરણ કરતાં કરતાં પંથ કયાં કપાઈ ગયો ખબર જ ન પડી.

એક વખત મારા પિતાશ્રી શાંતિભાઈ ઝાટકીયા પૂ.ગુરુદેવ સાથે વિહાર કરતાં હતાં. થોડો સમય થયો. પૂ. ગુરુદેવે પૂછયું, શાંતિ! તને ભૂખ લાગી છે? શાંતિભાઈએ કહ્યું, ગુરુદેવ ! તમને પણ ભૂખ લાગી હશે. હજુ તો ઘણો વિહાર બાકી છે, આપણે સાથે વાપરીશું. પૂ.ગુરુદેવને ખબર પડી ગઈ. શાંતિભાઈને ભૂખ લાગી છે. એમણે હાથની મુઠ્ઠી વાળી અને બીજી જ સેકંડે મુઠ્ઠી ખોલી, ચૂરમાનો લાડવો શાંતિભાઈને ખવડાવ્યો ! કેવી વિરાટ શકિત હશે એ દિવ્ય પૂંજ પાસે...!!

આવી જ રીતે મારા ભાઈ દિવ્યેશ ઝાટકીયાના વર્ષીતપ વખતે અનુભવ્યું. ગમે તેટલાં મહેમાન આવે, ગમે તે સમયે આવે, કયારેય કાંઈ જ ખૂટે નહીં. ગુરુદેવની અસીમ કૃપાથી બધું જ બરાબર થઈ જતું. અમને ઈંદોર જવાની પ્રેરણા પણ એમણે જ કરી હતી.

**- શ્રી કલીકા દેસાઈ**, ગોંડલ

### ગુરુકૃપા

જ્યારે અમે ત્રણે બહેનો મમ્મી-પપ્પા સાથે પૂ. ગુરુદેવના દર્શને ગયાં ત્યારે મારા પપ્પાને જોઇ પૂ. ગુરુદેવે કહ્યું, ‘શું બીજા નંબરની દીકરી વિશે વિચારે ચડી ગયો?’ પછી મારી સામે જોઇ કહે, છોડી, તું સંતો વિશે કંઇક બોલ... હું બાલ સહજ ભાવે બોલવા લાગી. પૂ. ગુરુદેવે કહ્યું, તને આધ્યાત્મિક વાંચન અને વ્યાખ્યાનમાં રસ છે પણ આ ભવે દીક્ષાનો યોગ નથી. આ સાંભળતાં જ મમ્મી- પપ્પાની આંખો હર્ષાશ્રુથી છલકાઇ ગઇ, કેમકે, તેઓ આ ચિંતાં લઇને જ આવ્યાં હતાં.

એક દિવસ મમ્મી-પપ્પા મુંબઇ ગયાં



## ચરણ... શરણ... પરમ...

ગુરુના ચરણ સુધી તો અનેક પહોંચી શકે છે, પણ ગુરુના શરણ સુધી એ જ પહોંચી શકે છે જે સ્વયંના શિષ્યત્વને સમર્પણ ભાવે સોળે કળાએ ખીલવે છે.

જ્યાં પહોંચ્યા પછી અહમ્‌નો ભાર ઉતરવા લાગે, અસ્તિત્વ ઓગળવા લાગે, પરમ શાંતિનો અહેસાસ થવા લાગે ત્યારે સમજવું એ મારા ગુરુ છે.

જ્યારે હું પણ કંઇક છું, માંથી હું કાંઇ જ નથી, એવું ફીલ થવા લાગે ત્યારે સમજવું, ગુરુ ચરણ સુધી પહોંચી ગયાં છીએ.

જ્યારે તમારૂં મન તમારૂં ન રહે, તમારૂં હાર્ટ તમારા હાથમાં ન રહે, તમારા પગ તમારા કહ્યાંમાં ન રહે, ત્યારે સમજવું ગુરુના ચરણ સુધી પહોંચી ગયા છીએ.

જ્યારે સક્ષમ સદગુરુના શરણમાં હૃદય અને જીવનના પરિવર્તન સાથે ‘જીવ’ ના પરિવર્તનનો અહેસાસ થવા લાગે, ત્યારે સમજવું ‘પરમ’ નું શરણ મળ્યું છે અને હવે ‘પરમ’ સુધી પહોંચવું સહજ છે... ‘પરમ’ ની પ્રાપ્તિ પણ સહજ છે...!!

હતાં. અમે ભાભુ- બાપુજી પાસે હતાં. ત્યાં મારી મોટી બેનને વોમિટ થઇ અને ડૉ. ઠક્કરને ત્યાં દાખલ કરવી પડી. તે એકદમ સીરીયસ થઇ ગઇ. મારા બાપુજી દોડયા, પૂ. ગુરુદેવ પાસે... ગુરુદેવે કહ્યું, ચિંતા ન કરો. ૧૧ મે દિવસે સારૂં થઇ જશે અને ૧૧ મેં દિવસે તેને સારું થતાં હોસ્પિટલમાંથી રજા આપી.

એક વાર મારા ફુવાને પણ પૂ.ગુરુદેવે પ્રેરણા કરી કે તમારા વાલ્કેશ્વરના નવા ફ્લેટમાં હર્ષાને એકલી ન મૂકતાં... ચેતીને રહેજો. આ વાતને છ મહિના થઇ ગયાં. ફૈબા- ફુવાને લંડન લગ્નમાં જવાનું થયું... બંને લગ્નમાં ગયાં. હર્ષા અને મનીષ પરીક્ષા હોવાથી ન હતાં ગયાં. તે દિવસે મનીષ પરીક્ષા દેવા ગયો હતો અને હર્ષા ચા કરવા રસોડામાં ગઇ. ગેસ લીક થતો હશે અને જેવો ગેસ ચાલુ કર્યો... આગ લાગી ગઇ અને હર્ષા એ આગમાં લપેટાઇ ગઇ. ફુવા-ફૈબા પૂ. ગુરુદેવની વાતને ભૂલી ગયાં.

એક વાર મામા-મામી પૂ. ગુરુદેવના દર્શન કરવા આવ્યાં હતાં. પહેલી જ વાર મળતાં હતાં. પૂ. ગુરુદેવે મામાને જોઇને કહ્યું, હંમેશાં એક નવકારવાળી કરો છો ને ? મામીને કહે, ભક્તામર બોલ્યા પછી જ પાણી પીવો છો ને ? મામા-મામી આશ્ચર્ય ચક્તિ થઇ ગયાં... અમારી વાત પૂ. ગુરુદેવને કેવી રીતે ખબર પડી ગઇ ? મોટા મામાને કહે પૈસા માટે ખૂબ મહેનત કરો છો, તેનો લાભ આજથી ૩૧ મે વર્ષે મળશે. ૨૦૧૧ માં તમારા પૌત્રના હાથે યશ લખાયેલ છે. અને પૂ. ગુરુદેવના કહ્યાં પ્રમાણે પૌત્ર નિશિતે ૧૧ લાખમાં દેરાસરમાં મા-પદ્માવતી દેવીની સ્થાપ્નાનો લાભ લીધો.

એક વાર મને પ્રેરણા કરી હતી ટયુશન કરી નજીવી ફીમાં જરૂરિયાતવાળાને વિદ્યાનું દાન દેજે. પંદર વર્ષથી હું આ જ પ્રમાણે કરૂં છું.

મારી બહેનને પણ જાગૃત કરી હતી કે અગિયાર વર્ષ જીવનનો આનંદ માણી લે, પછી ઇચ્છા હોવા છતાં પણ કંઇ કરી શકીશ નહીં. ૧૧ વર્ષે મારી બહેન દિવાળીના દિવસે ગેલેરીમાંથી નીચે પડી ગઇ અને કમરથી નીચેનો ભાગ નિશ્ચેતન થઇ ગયો. આવી જ રીતે ગોંડલમાં મારા નાના બનેવી દીપક સંઘરાજકાને કહ્યું હતું. ૩૮ મે વર્ષે ઘાત છે અને એકસીડન્ટમાં એમનો એક પગ ગયો.

અમે આજે પણ એમની દીર્ધદષ્ટિ અને સહુને જાગૃત કરવાની ભાવનાને ભાવથી વંદન કરીએ છીએ.

**- શ્રી કીર્તિદાબેન મહેતા**

## સાધનાની શક્તિ

ત્યારે હું ધોરણ-૬માં ભણતો હતો. એડનથી આવેલ ફુવા-ફઇ સાથે અમે જેતપર પૂ. ગુરુદેવના દર્શન કરવા ગયાં હતાં. હું દામજી ખારવા સાથે નદી કિનારે ફરવા ગયો... રમતાં રમતાં વેરાવળથી લીધેલાં મારા પ્રિય સ્લીપર પાણીમાં તણાઇ ગયાં. હું રડતો રડતો પાછો આવ્યો. પૂ. ગુરુદેવે માથે ફરેવીને કહ્યું, રડ નહીં, સ્લીપર મળી જશે. ત્રણ દિવસ પછી એક ભાઇ વેરાવળ આવીને સ્લીપર આપી ગયા. એ કેવી રીતે આવ્યાં તે સમજ જ ન પડી, સ્લીપર કરતાં પણ પૂ.ગુરુદેવનું વાત્સલ્યમય વ્યક્તિત્વ વધુ પ્રિય બની ગયું.

એક દિવસ મારા પિતાજીની તબિયત બપોરે ઉપાશ્રયેથી આવ્યાં બાદ બગડી ગઇ. બેભાન થઇ ગયાં. કાંઇ જવાબ આપે નહીં. આંખો ખોલે નહીં. મારા બા એ મને પૂ. ગુરુદવેને સમાચાર આપવા દોડાવ્યો પૂ. ગુરુદેવ પધાર્યા અને પોતાનું રજોહરણ પિતાજી ઉપર ફેરવીને બોલ્યાં, 'ઉઠો,જમનાદાસભાઇ !' અને મારા પિતાજી જાણે કાંઇ બન્યું જ નથી તેમ બેઠાં થઇ ગયાં. એમને નવી જીંદગી મળી. અમે સહુએ ગુરુચરણમાં મસ્તક નમાવ્યું.

**- શ્રી મહેન્દ્રભાઇ શાહ**, વેરાવળ

## વચન સિધ્ધિ

અમે બંને બહેનો પરમ સદ્ભાગી છીએ કે ૧૦ વર્ષની ઉંમરે અમને આવા સક્ષમ પૂ. ગુરુદેવનું શરણું મળીગયું. અમે ધન્ય બની ગયાં.

એક દિવસ જૈનશાળાથી અમારા ઘરે સ્ટેશન પ્લોટ જતાં હતાં. રસ્તામાં એક ગાડાવાળાની ગુણ ખુલી જતાં એમાંથી સફેદ રંગના ગાંગડા રસ્તામાં વેરાઈ ગયાં હતાં, તે તેને વીણી રહ્યો હતો. અમે બંને બહેનો એ જોઇ રહ્યા હતાં, પાછળથી પૂ. ગુરુદેવે અમને જોયા અને કહ્યું,દકુ-બાલી ! બંને એક એક ટૂકડો મોંમા મૂકી ચાખી જુઓ...ચાખતા ખબર પડી ...આ સાકરના ગાંગડા છે. પૂ. ગુરુદેવ હસવા લાગ્યાં. ગાડાવાળા ભાઈને પણ ચાખવા કહ્યું. ગાડાવાળો નવાઇ પામી ગયો. મારા ગાડામાં તો ફટકડીના ટૂકડા છે. તે સાકારના ટૂકડા રીતે બની ગયાં ? એમાં સાકરનો સ્વાદ કેવી રીતે આવ્યો ?

પૂ. ગુરુદેવની અલૌકિક શક્તિનો પ્રથમ અનુભવ થયો.

સંવત ૨૦૧૦-૧૧ ના યાદગાર ચાતુર્માસ બાદ ધારી ગામના વેકરીયાપરામાં વળામણાં હતાં. અમે બધાં જૈનશાળાના બાળકો પૂ. ગુરુદેવ તથા પૂ. વીરજી મ.સા. સાથે વિહાર કરતાં હતાં. અમે બધાં બાળકો થોડું ચાલ્યાં, ત્યાં પૂજ્ય ગુરુદેવ કહે,ચાલો બધાં આંખો બંધ કરી દયો. થોડી વાર પછી આંખો ખોલી તો... શું ચમત્કાર થયો ? ક્ષણવારમાં તો રસ્તો પૂરો થઈ ગયો અને જે જગ્યાએ વળામણાનો કાર્યક્રમ હતો ત્યાં પહોંચી ગયાં. એક યાદગાર અનુભવ હતો.

સંવત ૨૦૧૮ ધારીમાં પૂ. મૃદુલાબાઈ મ., પૂ. ભદ્રાબાઈ મ., પૂ. સુમિત્રાબાઈ મ.ની દીક્ષા મહોત્સવ બાદ તરતજ મારા લગ્ન હતાં. પૂ. ગુરુદેવે કહ્યું, ભલે આ ભવે તારા સંજોગ પ્રમાણે તારા માટે દીક્ષા શક્ય નથી પણ દીક્ષાની અનુમોદના કરી પૂણ્યનું ભાથું બાંધીશ.

લગ્ન કરીને અમરેલી આવી અને થોડાં જ સમયમાં પૂજ્ય ગુરુદેવના વચન સિધ્ધિનો અનુભવ થયો. મારા ત્રણે નણંદો જે અત્યારે પૂ. ઇન્દુબાઈ મ., પૂ. હંસાબાઈ મ. અને પૂ. ગીતાબાઈ મ. છે તેમને દીક્ષાના ભાવ જાગ્યાં અને ત્રણે એ પૂ. સવિતાબાઈ મ., પૂ. વિજયાબાઈ મ. પાસે દીક્ષા લીધી અને મને એમની અનુમોદના નો શુભ લાભ મળ્યો. ત્યાર બાદ પૂ. નલિનીબાઈ મ. સંયમી બન્યાં એમની અનુમોદનાનો લાભ પણ ગુરુકૃપાએ મળ્યો. આ મારી જીંદગીનો અણમૂલો લ્હાવો ગણાય છે.

ઇ.સ. ૧૯૭૫માં અચાનક મારી તબિયત બગડી દેશી-વિલાયતી ઘણાં ઉપચારો કર્યા પણ કોઈ જ અસર થાય નહીં. ડોકટરો નિદાન પણ ન કરી શકે. મારા પિયર અને સાસરીવાળા બધાં જ ચિંતા કરે. મારા પિતાજી મને ધારી થી જુનાગઢ લઈ ગયાં. પૂ. ગુરુદેવના દર્શન કર્યા. પૂ. ગુરુદેવે મને મહા પ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર અને શ્રી ઘટાંકર્ણ મહાવીર સ્તોત્ર સંભળાવ્યો. છંદ સંભળાવ્યો. ઘરે આવ્યાં...ઘણાં દિવસ પછી પહેલી વાર ઉંઘ આવી ગઈ. ધીમે ધીમે તબિયતમાં સૂધારો થતો ગયો. અને ત્રણ રવિવાર પૂરાં થતાં જ તબિયત એકદમ સારી થઈ ગઈ.

આવા અનુભવથી મારું જીવન ધર્મમાં દૃઢ બન્યું છે. કેમકે પૂ. ગુરુદેવના શબ્દો દિન-પ્રતિદિન શ્રધ્ધા રાખી દૃઢ બનવું. એ દરેકના જીવનનું કર્તવ્ય છે.

પૂ. નલીનીબાઈ મ.ની દીક્ષા સમયે પૂ. ગુરુદેવ કોલકતા હતાં અમે પણ કોલકતા ગયાં હતાં. એક દિવસ મારી બંને દીકરીઓને કહે, દીક્ષા

મહોત્સવ પછી તમે કયાં જશો ? બંનેએ કહ્યું, અમે શીખરજી જવાના છીએ. પૂ. ગુરુદેવે કહ્યું, ચાલો થોડીવાર માટે હથેળી બંધ કરો... મુઠ્ઠી વાળી ધ્યો. બંન એ મુઠ્ઠી બંધ કરી... થોડી વાર પછી કહે... હવે મુઠ્ઠી ખોલો અને જુઓ તમને શું દેખાય ? બંને એ કહ્યું, ગુરુદેવ ! આ તો શીખરજીનો પહાડ દેખાય છે. ગુરુદેવ કહે, તો પછી અહીંયા જ દર્શન કરી લ્યો. આ પ્રસંગ આજે પણ એટલો જ તાજો છે.

ઘણા વર્ષો બાદ ઇ.સ. ૧૯૮૯ માં ફરીવાર તબિયત બહુ જ ખરાબ થઇ. ડૉક્ટરના નિદાનમાં પેટની જમણી બાજુ ઓપરેશન કરાવવાનું આવ્યું. અમારા ઘરના વડીલો તથા પૂ. અમૃતલાલ કાકાએ કહ્યું, પહેલાં પૂ. ગુરુદેવના દર્શન કરી આવીએ પછી ટ્રીટમેન્ટ-ઓપરેશન કરાવીશું. તે સમયે પૂ. ગુરુદેવ વડીયા બિરાજતાં હતાં. અમે વડીયા ગયાં. પૂ. ગુરુદેવે કહ્યું, મંજુને કાંઇ થયું નથી. બધાં ઉપાયો બંધ કરી ફક્ત ત્રણ દિવસ ચા અથવા દૂધ સાથે એરંડીયુ પીવરાવો. જરૂર સારૂં થઇ જશે. પછી પોતાની માટલીમાંથી પાણી કાઢી પાણી પીવા આપ્યું. સાથે નમસ્કાર મહામંત્રની માળા અને જાપ કરવાની પ્રેરણા કરી. છંદ અને માંગલિક ફરમાવી આશીર્વાદ આપ્યાં. અમે અમરેલી પાછા આવ્યાં. ત્રણ દિવસ એરંડીયુ પીધું અને તબિયત સારી થઇ ગઇ. ઓપરેશન પણ ન કરાવવું પડયું.

મારી મોટી દીકરી છાયા જ્યારે ડૉક્ટર બનીને પહેલી વાર અમેરિકા જતી હતી ત્યારે અમે પૂ. ગુરુદેવના દર્શન કરવા અને આશીર્વાદ લેવા ગયાં. પૂ. ગુરુદેવે ધર્મમાં સ્થિર રહે એવા આશીર્વાદ આપ્યાં. છાયા એ પૂછ્યું, હું ત્યાં જાઉ પછી મારા મમ્મી-પપ્પા ત્યાં આવી શકશે ? પૂ. ગુરુદેવે કહ્યું, તારા પપ્પા નહી આવે... મમ્મી બે વાર આવશે. અને ખરેખર એવું જ બન્યું... ત્રણ જ મહિનામાં છાયાના પપ્પાનું હાર્ટ એટેકથી અવસાન થયું અને હું બે વાર અમેરિકા જઇ આવી.

પૂજ્ય ગુરુદેવની વચન સિધ્ધિને વંદન કર્યા.

**- શ્રી મંજુલાબેન હેમાણી**

### ગુરુપ્રસાદ

૧૯૯૧માં મારા સાસુની તબિયત બરાબર ન હતી. મુંબઇથી મારા મામાજી અને માસીજી એમની ખબર પૂછવા આવ્યાં. મારા સાસુજીની તબિયત જોઇ એમણે કહ્યું, બે-ચાર દિવસ ગોંડલથી બહાર જઈ આવીએ. પહેલા અમે તપસ્વીજી મહારાજ ઓરડીએ જેતપુર દર્શન કરવા ગયાં ત્યાંથી અમે વડિયા તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવના દર્શન કરવા ગયાં.

પૂ. ગુરુદેવના દર્શન કરતાં જ મારા સાસુને એવું ફીલ થયું, જાણે એમને કોઈ બીમારી જ નથી. એમના શરીરમાં શકિત આવી ગઈ અને ચહેરો પ્રફુલ્લિત થઇ ગયો.

અમે કોઈ કશું જ બોલ્યા ન હતાં, છતાં પૂ. ગુરુદેવે મારા સાસુની તબિયત બાબતે અને એમના શરીરમાં થતી તકલીફની બધીજ વાત કરી. પૂ. ગુરુદેવનો આગ્રહ હતો, જો બહેન અહીં રોકાઇ જશે તો એમની મુશ્કેલી દૂર થઇ જશે-અને ઘરે જશે તો મુશ્કેલી વધી જશે. કેમકે, અત્યારે એમનો સમય બરાબર નથી. મારા સાસુ-સસરા બે દિવસ વડિયા રોકાયા ત્યાં એમને એકદમ સારૂં હતું. પણ પછી ગોંડલ આવી ગયા. ત્યાં તેમની તબિયત દિન-પ્રતિદિન બગડતી જ ગઈ. પૂ. ગુરુદેવે મારા સાસુ માટે જે સમય અત્યંત ચિંતાજનક જણાવેલ તે જ સમયમાં મૃત્યુ પામ્યા.

વડિયાના મામલતદાર મારા સસરાના સંબંધી..અમે વડિયા ગયાં ત્યારે અમારી સાથે પૂ. ગુરુદેવના દર્શન કરવા આવ્યાં., પૂ.ગુરુદેવને કહે, મારૂં બાળક રાત્રે ચીસો પાડી પાડીને રડે છે. પૂ. ગુરુદેવે એમને સવનનો એક નાનકડો ટૂકડો આપ્યો અને કહ્યું રાત્રીએ એના ઓશિકા નીચે રાખી દેજો. તે દિવસથી બાળક ક્યારેય આવી રીતે રડયું નથી. તેમના આસપાસમાં પણ કોઇને તકલીફ થાય તો તરતજ એ સવનનો ટૂકડો લઇ જાય. તેના ઉપયોગથી અનેક બાળકોને ફાયદો થયો છે. આજે પણ એ ટૂકડો એમણે સાચવીને રાખ્યો છે.

**- શ્રી માયાબેન શાહ**, ગોંડલ

### ભવિષ્યને જાણનારા

આજથી ૩૬ વર્ષ પહેલાં જયારે હું ૬-૭ વર્ષનો હતો અને મમ્મી સાથે પહેલી જ વાર ઉપાશ્રય ગયો હતો. પહેલી વાર તપસમ્રાટ પૂ.ગુરુદેવના દર્શન કર્યા. એમણે મને પાસે બોલાવ્યો, માથે હાથ ફેરવ્યો અને



## આત્મિક અનુસંધાન

ગુરુ-શિષ્ય સાથેનું આત્મિક અનુસંધાન આત્મકલ્યાણનું પ્રેરક પરિબળ છે.

આત્મિક અનુસંધાન થાય ક્યારે... ?

જ્યારે શિષ્યની આંખો ... ગુરુની આકૃતિને જોવાનું બંધ કરી, ગુરુના આત્મગુણોને અનુભવવાનું શરૂ કરે,

જ્યારે શિષ્યના હોઠ ગુરુદેવ શબ્દ ન બોલે... પણ હૃદયથી ગુરુત્વની સંવેદનાનો સ્પર્શ કરે.

જ્યારે શિષ્ય કાનથી માત્ર ગુરુદેવની વાણી જ ન સાંભળે... પણ એ વાણીને સાંભળતા સાંભળતા સ્વયંને સાંભળવા લાગે.

જ્યારે શિષ્ય જડ ઇન્દ્રિયોનો ઉપયોગ બંધ કરી, ચૈતન્ય એવા આત્માથી અનુભૂતિ કરે છે...

ત્યારે, ત્યારે સર્જાય છે ગુરુ અને શિષ્ય વચ્ચે આત્મિક અનુસંધાન !

અને ત્યારે... ગુરુ એમની પ્રજ્ઞાને બ્લુટુથ ફાઈલની જેમ, શિષ્યના હૃદયમાં ટ્રાન્સફર કરે છે, શિષ્યને સવાયા ગુરુ બનવાના પાત્રવાન બનાવી દે છે...

શિષ્યના આત્મકલ્યાણના સારથિ બની જાય છે અને મોક્ષની મંઝિલ સુધી લઈ જાય છે... !

ખોળામાં બેસી રમાડયો. પછી નમસ્કાર મંત્ર બોલાવ્યું, પછી તો રોજ મમ્મી સાથે જવાનું, દર્શન કરવાના, આશીર્વાદ અને પ્રસાદી લેવાના... !

એક દિવસ પૂ.ગુરુદેવે મારા મમ્મીને ઉપવાસનો વર્ષીતપ કરવાનું કહ્યું. મમ્મીએ છોકરાઓની જવાબદારી, પપ્પાની બેંકની સર્વીસ અને ઘરકામની જવાબદારી જણાવી. પૂ.ગુરુદેવે કહ્યું, તું ચિંતા નહીં કર, તારાથી થઈ જશે, શરૂ કરી દે.

મમ્મીએ વર્ષીતપ શરૂ કર્યો. પૂ.ગુરુદેવની કૃપાથી મમ્મીનો વર્ષીતપ સરસ થતો હતો અને ઘરમાં પૂ. ગુરુદેવની કૃપા વધતી હતી.

વર્ષીતપ પૂરો થવાનો હતો એ પહેલાં અમે જૂનાગઢ પૂ.ગુરુદેવના દર્શન કરવા ગયાં. પૂ.ગુરુદેવે મમ્મીને કહ્યું, તારે પારણાનો પ્રસંગ વહેલો કરવો પડશે.

પણ, ગુરુદેવ ! અમારે તો તમારા સાંનિધ્યમાં જ પારણા કરવા છે.

એ બધું થઈ રહેશે...તમે આજથી તૈયારી શરૂ કરો.

પણ ૨૨ દિવસમાં આટલા મોટા પ્રસંગની તૈયારી કેવી રીતે થશે ?

બધું થઈ જશે, પણ પારણા વહેલાં કરવાના છે.

ગુરુકૃપાએ બધું જ સરસ રીતે થઈ ગયું. મમ્મીની ઈચ્છા મુજબ પારણા થયાં એનો સંતોષ હતો.

પારણાનો પ્રસંગ પૂરો થયો, એના ત્રીજા જ દિવસે મારા દાદીબાની તબિયત બગડી અને એમનું અવસાન થયું. ત્યારે સમજાયું પૂ. ગુરુદેવે શા માટે પારણા વહેલાં કરાવ્યાં હતાં !

પૂ.ગુરુદેવ દરેકનું ભવિષ્ય વાંચી લેતા હોય એમ લાગ્યું. એમની કૃપાથી પારણા પ્રસંગે દાદીબાની હાજરી રહી એ જ અમારા માટે બહુ મોટી વાત હતી.

પૂજય ગુરુદેવે મને એક ઈન્ડીપેન આપી હતી અને કહ્યું હતું પરીક્ષા આનાથી જ આપજે. હું દરેક પરીક્ષા તેનાથી જ લખતો અને કલાસમાં સારામાં સારા માર્કસથી પાસ થતો અને હું ઈલેકટ્રોનીક એન્જિનીયર બન્યો.

**- મયુર એમ. મહેતા**

---

## નિર્ભયતા

પૂ. મહારાજ સાહેબ રાજકોટમાં સમુહ અઠ્ઠાઈ કરાવતા હતા, લગભગ વીસથી બાવીસ વર્ષ પહેલા, ત્યારે હું રાજકોટ અઠ્ઠાઈ કરવા આવેલ, મેં એક પણ ઉપવાસ કર્યો ન હતો, પરંતુ પૂ.ગુરુદેવના પચ્ચક્ખાણથી સરસ અઠ્ઠાઈ થઈ ગઈ હતી, શાતા પણ સારી રહી હતી, ત્યારબાદ પૂ. ગુરુદેવના આશીર્વાદથી નાની મોટી અનેક તપશ્ચર્યાઓ કરી.

એક વખત અમે ધારી ગયા હતાં, ત્યાં એક કૂતરું હડકાયું થયું હતું, દુકાનો બધી ટપોટપ બંધ થવા લાગી, સહુના ઘરના દરવાજા બંધ થવા લાગ્યા. તે સમયે પૂ. ગુરુદેવ નિકળ્યા, ગુરુદેવ નિડર, નિર્ભય અને અનન્ય ભક્તિભાવવાળા હતા, અન્યના પીડા-દર્દ પ્રત્યેનો તેમનો આવીર્ભાવ અતિ કોમળ હતો.પૂ.ગુરુદેવ સ્થાનમાંથી બહાર નિકળી અને હડકાયા કૂતરા સામે અડગતાથી ઉભા રહી ગયા, કૂતરા સામે જોઇ રહ્યાં અને બોલ્યા, કેમ દોસ્ત, કેમ છે ? આ સાંભળી ગુરુદેવની કરૂણા-મૈત્રીના પરમાણું તેને સ્પર્શી ગયા અને કૂતરું શાંત બની ગયું, ધન્ય છે આપની સાધનાને !

**- મીનાબેન ઘુઘુ**

## અનંત ઉપકારી

પૂ. ગુરુદેવ ગોંડલમાં બિરાજતા હતા ત્યારે મહાસુખભાઈને કાર એકસીડન્ટ થઈ ગયો. મહાસુખભાઈને હાથે પગે મોઢામાં બધે મૂંઢ માર લાગ્યો હતો. ઊભા થઈ શકતા ન હતાં. પૂ. ગુરુદેવ પધાર્યા અને કહ્યું, મહાસુખ ! કેમ સૂતો છે ? ત્યારે મહાસુખભાઈએ કહ્યું, ગુરુદેવ ઉભું થવાતું નથી. પૂ.ગુરુદેવે નવકાર મંત્ર સંભળાવ્યો, માંગલિક સંભળાવ્યું. બીજી જ મિનીટમાં મહાસુખભાઈ ઉભા થઈ ગયા અને ગુરુદેવને પગે લાગ્યા. આવા હતા આપણા ગુરુદેવ !

**- મીનાક્ષીબેન જસાણી,** જુનાગઢ

---

## જ્ઞાની ગુરુદેવ

એક વખત વડિયા પૂ. ગુરુદેવના દર્શન કરવા ગયેલ, ત્યારે મેં ચીઠ્ઠી લખી આપી કે મારે ઘેર બેઠાં ઇમીટેશનનો બિઝનેસ ચાલું કરવો છે. આપના આશીર્વાદ લેવાં આવ્યા છીએ. ત્યારે પાટીમાં લખીને આપેલ કે અમુક ટકા પૈસા ધર્માદામાં ગાય-કૂતરા માટે કાઢવાના અને ચમત્કાર થયો. એટલો સરસ બિઝનેસ ઘેર ચાલ્યો કે દુકાનવાળાને પણ ન ચાલે એવો ઘેર બેઠા બિઝનેસ ૮ વર્ષ કર્યો.

તા.૧૧-૧-૧૩ ના દિવસની વાત છે. અમે સમેતશિખર જાત્રા કરી કલકતા ગયા. અમારા ખાસ રીલેટીવ અનંતભાઈ શાહ અમને સ્ટેશને લેવાં આવેલ. ત્યારે એક પાડોશી જે તબિયતના કારણે કદી નીચે ઉતરતા નહિ. પૂ. રતિલાલજી મ.સા. એ હાથ પકડી, સીધા પાંચ-છ પગથિયાં ઉતારી દીધા, ત્યારથી ચાલતા થઈ ગયા છે. અનંતભાઈએ ફરી કહ્યું કે, એક ભાઈને શિખરજી જવું હતું. ગાડીવાળા કહે આટલા કિલોમીટર થાય.પૂ.ગુરુદેવ પોતે તો ગયેલ નહિ, છતાં કોઈ પણ પ્રકારના કેલ્કયુલેશન વગર તુરંત કહ્યું ૧૧૫૦ કિલોમીટર થશે. ગાડીવાળો તો સબંધીને ફેરવીને પાછા લાવ્યો ત્યારે તેણે પૂ. ગુરુદેવને કહ્યું, તમે કહેલ તેટલાં જ કિલોમીટર થયા.

આવા જ્ઞાની હતા ગુરુદેવ !

**- નલિની ગાંધી**

---

## પ્રેરક પ્રસંગ

એકવાર પૂ. ગુરુદેવની વાચના ચાલતી હતી અને કીડીઓ જાણે પાવન થવા પૂ.ગુરુદેવની સમીપે જવા લાગી ત્યારે વડીલ મહાસતીજીઓએ કહ્યું, કીડીની જતના કરો. અમે સહુ તે કાર્ય કરવા માટે તત્પર બન્યા. ત્યારે પૂ. ગુરુદેવે તરતજ રોકતા કહ્યું, કીડીની ગતિને રોકવાનો તમારો અધિકાર નથી. તેને તેના માર્ગે જવા દો. તમે સહુ જતના પૂર્વક તમારી ગતિને ફેરવી નાંખો. આવું ઊંડુ ચિંતન સાંભળીને સહુ સ્તબ્ધ થઈ ગયા. આમ આ પ્રસંગ ઉપરથી સત્ય સમજાય છે કે આગમના અર્થ ભલે શાસ્ત્રના પાને છૂપાયેલા હોય, પરંતુ આગમના રહસ્યો તો ગુરુના હૃદયમાં છૂપાયેલા હોય છે. આવી નાની સરખી વ્યવહાર ક્રિયા પણ આપણને ઘણો મહત્વનો ઉપદેશ આપે છે. આમ પૂ.ગુરુદેવે કોઈને અવરોધક ન બનવાનો, અધ્યાત્મિક મહાન સચોટ સિધ્ધાંત પ્રેકટિકલ રૂપે સમજાવ્યો.

**- નયનાબેન શાહ,** ગોંડલ

## અનન્ય લબ્ધિના સ્વામી

એક વખત લગભગ ૧૯૭૧ ની સાલમાં ધોરાજી પૂ.ગુરુદેવ તપસમ્રાટ પધાર્યા, સ્વાગત કર્યું, બે ત્રણ દિવસ પૂ. ગુરુદેવે સ્થિરતા કરી. પછી વિહાર કર્યો અમે ગુંદાળા વળામણું કર્યું. લાડવા,ગાંઠિયા, ચણા, પુરી વગેરે. થયું એવું કે માણસો ધાર્યા કરતા ડબલ થઈ ગયા. બધું ઘટે તેવું લાગ્યું. મારા પિતાશ્રી ચિંતામા પડી ગયાં. નાના ગામમાં તાત્કાલિક કાંઈ મળે નહિ. પૂ.ગુરુદેવ પાસે ગયા, વાત કરી. પૂ.શ્રીએ કહ્યું, ચિંતા ન કરો. થાળને ઢાંકી દો, હું આવું છું. પૂ. ગુરુદેવ રસોડામાં પધાર્યા. જમવાની જેટલી સામગ્રી હતી તેનાં પર રજોહરણ ફેરવ્યો. બધું બરાબર થઈ જશે. ખરેખર એવું જ બન્યું. બધાં માણસોએ વાપરી લીધા પછી પણ વધ્યું અને અમે એ પ્રસાદી ઘરે લઈ આવ્યા. આવી હતી તેઓશ્રીની લબ્ધિ !

મારો આંખે દેખ્યો અનુભવ લખું છું. ગોંડલમાં એક બહેન દર્શન કરવા આવ્યાં. તેને સખત કમરનો દુઃખાવો હતો. ઊભા ઊભા વંદના કરતા હતા. પૂ.ગુરુદેવે કહ્યું, વિધિ સહિત વંદના કર ! તેણે પોતાની ફરિયાદ કહી. ગુરુદેવે કહ્યું, થઈ જશે, વંદના કર. સાચે જ વંદના વિધિ સહિત કરી અને કમરનો દુઃખાવો જતો રહ્યો. આવી હતી તેઓશ્રીની બોલની સિધ્ધિ, દર્દ નિવારક જડીબુટ્ટી !

અમારું ઘર પ્રથમ રોયલપાર્ક શેરી નં.૨ માં છે. ઉપાશ્રયની એકદમ નજીક. રોયલપાર્ક ઉપાશ્રયનું ચણતર ચાલતું હતું. ત્યારે અમારું ઘર બંધ હતું. અમે ગોંડલ રહેતા હતાં. ડંકીમાં પાણી ઘણું હતું એટલે અહીંથી પાઈપલાઈન ઉપાશ્રય સુધી પહોંચાડી. પાણી ઉપાશ્રયના ચણતરમાં વપરાયું. શુભ કાર્યમાં વપરાયું. આજ સુધી, આટલા વરસ દરમ્યાન, કારમાં દુષ્કાળ જેવી પરિસ્થિતિમાં પણ કયારેય પાણી ખૂટયું જ નથી. બધાંની ડંકીમાં પાણી ખૂટી જાય પણ અમારી ડંકીનું પાણી ચાલુ છે. કયારેય ખરીદીને પાણી લીધું નથી.

- **નયનાબેન દોશી**, રાજકોટ

## પડકાર વ્યસન મુક્તિનો

અમારા પિતાશ્રીને વ્યસન અને તે પણ તમાકુનું ! એવું તો જળાની જેમ ચોટેલું કે કોઈ હિસાબે છૂટવા માંગતા જ નહીં. સવારે એક વખત હુક્કો પછી દિવસ દરમ્યાન હાથી છાપ સિગારેટ જેની ગણતરી જ ન હોય. વચ્ચે-વચ્ચે ચિલમ પણ ફુંકવાની જ ખરી. સાંજે સૂર્યાસ્ત પહેલાં ફરી એક વખત હુક્કો ગગડાવવાનો. આ બધું જ નવકારશી ના સમય થી ચૌવિહારના સમયમાં જ, પછી તો પાકું પ્રતિક્રમણ અને પાકો ચૌવિહાર. જેમ બહેનો બાર મહિનાના નાં અનાજ- અથાણાં ભરે તેમ પોતે જ પોતાની તમાકું, ગામડામાંથી બે/ત્રણ વર્ષ જૂનો ગોળ ગોતી- મેળવી તડકો આપી, ડબ્બો ભરી લે. દમ- શ્વાસના દર્દ હોય, રાત આખી ખાંસ્યા કરે, બેવડ વળી જાય, છતાં ચોખ્ખા ચૌવિહારના આગ્રહી. પાણીનું ટીપું પણ મોઢામાં ન લે.

પૂ.ગુરુદેવનું આગમન બીલખામાં થયેલ અને વિહાર કરી બાજુનાં ગામમાં જવાનાં હોવાથી, લગભગ દરેક ધર્માનુરાગી ભાવિકોએ પોત-પોતાની શક્તિ મુજબ પ્રત્યાખ્યાન લઈ ભાતું બંધાવ્યું. પરંતુ પૂ.ગુરુદેવનું ધ્યાન તો પોતાના હૃદયમાં ધ્યાન પામેલ અમારા પિતાશ્રી પર જ હતું, તેથી લાગલું જ પૂછી લીધું કે, વનમાળીભાઈ તમે ! શું ભાતું આપશો ?

પિતાજીએ કહ્યું, ગુરુદેવ ! મારા જીવનની કિતાબ આપની સામે ખુલ્લી જ છે તેથી આપ જે મારી પાસે માંગશો તે હું આપી શકીશ નહીં. અને બાકીનું માગશો તો ના કહીશ નહીં. બસ, તો તમોને ફકત ૨૪ કલાકના બંધનમાં રાખીશ. આવતી કાલે તો ફરી બાજુના ગામમાં બધાં પધારવાના છો, ત્યાં સુધીનાં પ્રત્યાખ્યાન.

પિતાજી કહે, ગુરુદેવ ! મારાંથી રહી જ ન શકાય. તો ગુરુદેવ કહે, કંઈ વાંધો નહીં, તમોને આગાર. અગર તમારાથી ન રહેવાય અને વાપરો તો દોષ મને.

અમારા પિતાજી પણ વટીલાં. કહે, ગુરુદેવ ! અગર મારાંથી ૨૪ કલાક રહેવાયું તો મારે આજથી જ જાવજીવનાં પ્રત્યાખ્યાન થઈ ગયા અને ન રહેવાયું તો ફરી આ બાબતનો ઉલ્લેખ કયારેય ન કરવો.

હૈયે-હૈયું દળાય એટલી માનવ મેદનીમાં પૂ. ગુરુદેવની નજર તો અમારા પિતાજીને શોધતી હતી. અને ત્યાંજ ગુરુદેવની નજર પિતાજી પર પડતાં જ

ગુરુ શિષ્ય

# મૃદુતા

શિષ્ય એ જ સાર્થક છે, જેનામાં મૃદુતા અને નમ્રતા હોય. જે મૃદુ હોય એની આંખોમાં પ્રેમ અને વાત્સલ્ય હોય, એના અંગ અંગમાં અનુકંપા હોય. એની વાણીમાં મૃદુતા હોય, તે શાંત હોય.

ગૌતમ ભગવાન મહાવીર પાસે માખણના પીંડાની જેમ બેસતાં. એટલી નમ્રતા, એટલી મૃદુતા કે ભગવાન મહાવીરની શુભ ઓરામાં ભગવાનના વ્યક્તિત્વમાં એમનું અસ્તિત્વ ઓગળવા લાગતું એ ભગવાન સાથે એકમેક થઈ જતાં...અવિભક્ત થઈ જતાં.

જ્યારે શિષ્યમાં આવી મૃદુતા અને નમ્રતા આવે છે ત્યારે તે ગુરુમાં ભળી જાય છે.. ગુરુ સાથે એકમેક થઈ જાય છે અને ગુરુ જેવો બની જાય છે.

જેનામાં મૃદુતા અને નમ્રતા હોય છે તે જ સર્વત્ર સફળ અને સિધ્ધ હોય છે.

ગૌતમની મૃદુતા અને નમ્રતા જ ગૌતમના જ્ઞાન પ્રાગટય અને ગૌતમની મુક્તિનું કારણ બને છે.

જયાં સુધી ગૌતમ ન બનીએ ત્યાં સુધી ગૌતમ જેવા બનવાનો પરુષાર્થ કરીએ તો શિષ્યત્વને સાર્થક કરી શકીએ.

લાગલો જ ગૂઢ પ્રશ્ન કે જે બીજાની સમજમાં ન આવે તેવો પૂછાયો. શું વનમાળી ભાઈ, સિંહ કે શિયાળ ?

આવા ગૂઢ પ્રશ્નનો જવાબ પણ પૂ.ગુરુદેવનાં સાનિધ્યમાં હોય તેવો જ, ગૂઢ અને ગહન આપ્યો. ગુરુદેવ ! સિંહ તો તેની રેવાળ ચાલથી ઓળખાય જાય, પૂછવાની જરૂર પણ ન રહે. જયારે શિયાળ તો આગળ પાછળ સંતાઈને ફરે. મારે તો ગઈકાલથી જાવજીવના પ્રત્યાખ્યાન થઈ ગયા છે.

પૂ. ગુરુદેવ ભવિષ્યનાં ભાખનારાં જ હોય, પામી ગયા હતાં અને ખાત્રી પણ પૂરતી હોય જ કે હું આમાં પાછો પડું જ નહીં,અમારા પિતાજીની જીંદગીનાં છેલ્લા ૫/૭ વર્ષ વ્યસન મુકત થયાં, આટલાં હઠીલા દર્દ હોવા છતાં છેલ્લે સમયે કોઈપણ જાતની અસાતના-ઉંહકારા વગરના સમાધિ મરણને પામી સદ્ગતિને પામ્યા.

**- શ્રી રમેશભાઈ ટીમ્બડીયા,**
હૈદરાબાદ

## ભાવ પૂરા કર્યા

મારાથી આયંબિલ થાય નહિ અને પરાણે કરું તો અશાતા થઈ જાય. એકવાર ગોંડલ ભોજપરામાં પૂ.ગુરુદેવ પધાર્યા તેમના દર્શન કરવા ગઈ અને વાત કરેલ કે ગુરુદેવ, મારે રવિવારની એક ચોખો ગળીને આયંબિલ કરવી છે. ગુરુદેવ સમજી ગયા. થોડીવાર સામું જોઈ રહ્યા, પછી એકી સાથે ૮૧ આયંબિલના પચ્ચક્ખાણ કરાવ્યા અને હું જયારે એક પણ આયંબિલ કરી શકતી નહતી ત્યાં એકી સાથે દર રવિવારે એકયાસી આયંબિલના પચ્ચક્ખાણ લઈ એક પણ વિઘ્ન વિના આયંબિલ પૂરી કરી, ગુરુદેવના એવા આશીર્વાદ હતાં.

એકવાર અમે વડીયા દર્શન કરવા ગયા રસ્તામાં ગાડીનું ટાયર ફાટયું. સદ્નસીબે કોઈને કંઇ ઇજા થઈ નહીં પરંતુ વડીયા પહોંચતા બહુ મોડુ થઈ ગયું. સવારના નિકળ્યા હતા, પરંતુ બે અઢી જેવું થઈ ગયું. પહોંચીને પૂ.ગુરુદેવને જાણ કરવા ગયા કે રસ્તામાં આવું બની ગયું. ત્યાં તો ગુરુદેવ જ બોલી ગયા, પહેલાં જમી લો, મને ખબર છે તમારે એકસીડન્ટ થયો હતો. ત્યાં હાજર રહેલ દર્શનાર્થીએ કહેલ કે ગુરુદેવ કહેતા હતાં, કે એક ગાડી દર્શન કરવા આવે છે તેમનેઆવતાં મોડું થશે. તમે રસોઈ તૈયાર રાખો.

આ સાંભળી અમને એકદમ નવાઈ લાગી કે પૂ.ગુરુદેવને કયાંથી ખબર ? પણ ગુરુદેવ તો જાણે અતંરયામી... !

**- રેખાબેન શેઠ**

## પશુધન પર પ્રભાવ

જ્યારે પૂ. ગુરુદેવે વડિયામાં ગૌશાળા શરૂ કરાવી ત્યારે ત્યાં ગીરથી એક જરસી નામની ગાય આવી હતી. આ ગાય કોઈના હાથમાં રહે નહીં, પાણી પીવા અવેડામાં જાય ત્યારે ગોવાળ અને ગામના લોકો પણ દૂર ભાગે.

પૂ. ગુરુદેવને વાત કરી. ગુરુદેવ તરતજ ગૌશાળામાં આવ્યા મારા પપ્પાને કહ્યું, વિનુભાઈ ! તમે ગાયને છૂટી મૂકો મારા પપ્પાએ ગાયની સાંકળ છોડી. સામે પૂ. ગુરુદેવને જોતાં જ ગાય સ્થિર થઈ ગઈ અને ધીમે ધીમે ગુરુદેવ પાસે આવી, ગુરુદેવે પ્રેમથી એના માથા પર હાથ ફેરવ્યો.

પૂ. ગુરુદેવ વડિયામાં હતાં ત્યારે એક દિવસ રાતનાં સમયે ફણીધર સર્પ નિકળ્યો. મારા પપ્પા ગુરુદેવ પાસે ગયાં અને કહ્યું બહાર મોટો સર્પ આવ્યો છે. પૂ. ગુરુદેવ માળા ફેરવતા ફેરવતા બહાર આવ્યા. સર્પ ફુંફાડા મારી રહ્યો હતો. પૂ. ગુરુદેવે એક દષ્ટિ એના પર કરી અને એ મોટો ફણીધર સર્પ શાંત થઈ ગયો. કરૂણાસાગર પૂ. ગુરુદેવના પગ પાસે બેસી ડોલવા લાગ્યો. મને મહાવીર અને ચંડકૌશિકની વાત યાદ આવી.

થોડીવારમાં સર્પ અદશ્ય થઈ ગયો. ક્યાં ગયો કોઈને ખબર જ ન પડી. પૂ. ગુરુદેવે બધાંને કહ્યું, જાવ, જઈને સૂઈ જાવ. હવે આ સર્પ ક્યારેય આ જગ્યામાં આવશે નહીં અને પૂ. ગુરુદેવની વચન સિધ્ધિ, લબ્ધિના કારણે આજ સુધી ક્યારેય સર્પ દેખાયો નથી.

**- શ્રી પલ્લવી પારેખ**

## શબ્દોમાં સત્યતા

એકવાર અમે પરિવારના ૨૦ સભ્યો જેતપુરથી વેરાવળ પૂ. ગુરુદેવના દર્શન કરવા ગયા હતાં. અમારી સાથે એક છ મહિનાનો બાળક પણ હતો. અમે ગયાં ત્યારે પૂ. ગુરુદેવ ગૌચરી વાપરવા ગયા હતાં. ગૌચરી વાપરીને આવ્યાં અને તરત જ કહે, આ બાળકને મારા હાથમાં આપો. અમે બાળકને પૂ.ગુરુદેવના હાથમાં સોંપ્યો. પૂ. ગુરુદેવ એને હાથમાં, લઈ ત્રણ વાર હવામાં ઉલાળ્યો અને પછી પ્રેમથી માથા પર હાથ ફેરવી પાછો આપતાં કહ્યું, આ દીકરાને સાચવજો બાળકના ફઈબા કહે, ગુરુદેવ ! અમે ૨૦ જણા છીએ, એક બાળક તો સચવાયને... !

પૂ. ગુરુદેવે ફરી કહ્યું, આને બરાબર સાચવજો.

માંગલિક સાંભળી અમે બધાં રેલ્વે સ્ટેશન પર ગયા અને ગાડીમાં બેઠાં. બાળક 'મા'ના હાથમાં હતો અને મા બારી પાસે બેઠી હતી. ટ્રેઇન ઉપડવાને ૧ મિનિટની વાર હતી ત્યાં જ બાળક ઊભો થયો અને ટ્રેઇનની બારીમાંથી નીચે પડી ગયો. કપાળમાં ખૂબજ વાગ્યું હતું, આખી રાત દાદાના ખોળામાં સૂતો રહ્યો, અને અમે આખી રાત તપસ્વી ગુરુના જાપ ચાલુ રાખ્યા.

**- શ્રી રમાબેન ગાંધી,** જેતપુર

## પ્રભાવકતા

પૂજય ગુરુદેવશ્રીને 'તપસમ્રાટ' નું સન્માન માત્ર એમની તપ સાધનાને જ આભારી છે એવું નથી પરંતુ 'સ્વ' ના તપના પ્રભાવે સર્વને અપાતી પ્રેરણા અને આશીર્વાદ પણ એટલાં જ પ્રભાવક હતાં. આજે પણ અંતરીક્ષથી એમના આશીર્વાદ વરસી જ રહ્યા છે.

૪૫ વર્ષ પહેલાંની લોકવાયકા હતી કે પૂ. રતિલાલજી મ.સા. પાસે પચ્ચક્ખાણ લ્યો પછી અશાતા થાય જ નહીં, એ લોકવાયકાનો અનુભવ ત્યારથી આજ સુધી થઈ રહ્યો છે.

**- શ્રી હેમલતાબેન મણીયાર,** વડોદરા

## જો....!!

મારા મિસ્ટરને અમરનાથ જવું હતું. પ્રોગામ નક્કી થઈ ગયો અને ટીકીટ પણ આવી ગઈ. પૂ. ગુરુદેવને વાત કરી. પૂ. ગુરુદેવે કહ્યું કાંઈ પણ અઘરિત બનાવ બની શકે છે. પરંતુ તેઓ અમરનાથ ગયાં અને એમને જમ્મુથી જ પાછું આવી જવું પડયું. સખત બર્ફીલુ તોફાન આવ્યું હતું. ત્યારે મોબાઈલ પણ ન હતાં અને એમનો કોઈ કોન્ટેક થતો ન હતો. એ ટેન્શનમા ને

ટેન્શનમાં મને સાતમે મહિને જ પ્રી મેચ્યોર બાબો આવ્યો અને અમે એને ગુમાવી દીધો. જો પૂ.ગુરુદેવની વાત માની લીધી હોત તો.. ? ? તો આ પરિસ્થિતિ ન થાત ! !

**- શ્રી વીણા પારેખ**, રાજકોટ

## એક નજર

પૂજ્ય ગુરુદેવ હમેશાં લાંબા લાંબા વિહાર કરતાં. તે દિવસે વેરાવળથી 'ગોરખમઢી' પહોંચવાનું હતું. વિહારમાં સાથે ઘણાં બધાં હતાં. સોમનાથ સુધી બધાં હોંશે હોંશે ચાલ્યા. સોમનાથથી આગળ જતાં... ધીમે ધીમે એક પછી એક બધાં થાકવા લાગ્યાં. હવે આગળ ચાલી શકાય એમ નથી તેમ લાગવા લાગ્યું. પૂ.ગુરુદેવ સમજી ગયા અને બોલ્યાં...આ આવી ગયું 'ગોરખમઢી', અને ત્યાર પછી બાકીના આટલાં બધાં કિ.મી. કેવી રીતે ચાલ્યાં, કાંઈ જ ખબર ન પડી... ! !

પૂ. ગુરુદેવના શબ્દોમાં રહેલી તાકાતનો અનુભવ થયો.

પ્રસંગ હતો પૂ.કલ્પનાબાઈ મ.ની દીક્ષાનો... ! ત્યારે પાણીની ખૂબજ તંગી હતી અને દીક્ષામાં માનવમેદની વિશાળ હતી. લોકો પાણી પાણી કરતાં હતાં. બધાંના ગળા સૂકાતા હતાં. ત્યારે પૂ.ગુરુદેવે મંડપમાં એક નજર કરી, બધાં તરફ એક નજર કરી અને હાથ ઊંચો કર્યો. બસ ! જાણે બધાંની તરસ તૃપ્ત થઈ ગઇ. પછી તો બધાં કલાકો સુધી શાંતિથી બેસી રહ્યાં. કોઈના મુખમાંથી ગળામાં સોસ પડયો કે તરસ લાગી, એવા એક પણ શબ્દ નથી નીકળ્યાં. પૂ.ગુરુદેવની એક જ નજર બસ હતી... ! !

**શ્રી દેવેન્દ્ર શાહ**, વેરાવળ

## સંકેત થી સમજ

એકવાર પૂ. ગુરુદેવ અમારા ઘરે ગૌચરી માટે પધાર્યા. અમારે એમનું માંગલિક ટેપ કરવું હતું. તેથી બધી તૈયારી કરી રાખી હતી. રમેશભાઈએ ઇશારાથી પૂ. ગુરુદેવને કહ્યું, અમારે માંગલિક ટેપ કરવું છે. પૂ. ગુરુદેવે માથુ હલાવી 'ના' પાડી પણ જ્યારે ગુરુદેવ માંગલિક ફરમાવતા હતાં ત્યારે ટેપની સ્વીચ ઓન રહી ગઈ હતી. એમના ગયા પછી અમે ખુશ થતાં જોયું તો માંગલિક ટેપ થયું જ ન હતું. ત્યારે સમજાયું પૂ. ગુરુદેવની 'ના' હોય ત્યારે તમે કાંઈ જ કરી ન શકો.

એક વખત રમેશભાઈ અને હેમાક્ષીભાભી વેરાવળથી વડિયા પૂ. ગુરુદેવના દર્શન કરવા ગયાં હતાં. વડિયા દર્શન કરી ભાવનગર જવાનાં હતાં. પૂ. ગુરુદેવે સંકેત આપ્યો, આજની રાત વડિયા જ રોકાય જાવ, પરંતુ તેઓ કોઈ માન્યા જ નહીં અને ભાવનગર જતાં રસ્તામાં ધોધમાર વરસાદ, વાવાજોડું, વીજળીના કડાકા...બધાં ખૂબ જ હેરાન થયાં. ત્યારે થયું પૂ. ગુરુદેવ કહેતાં હતાં તે સાચું જ હતું.

**- શ્રી ઉષાબેન શાહ**, વેરાવળ

## મીઠું માંગલિક

એક દિવસ મુંબઈમાં મુલુંડથી કાલબાદેવી જતાં ટ્રેઈનમાંથી પડી ગયો માથામાંથી લોહી નીકળે અને હાથ-પગમાં સખત વાગેલું. મને સીવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો. પૂ. ગુરુદેવ ત્યારે મુંબઈમાં હતાં. એમને સમાચાર મળતાં હોસ્પિટલમાં માંગલિક ફરમાવવા આવ્યાં સાથે ૫૦-૬૦ ભાઈ-બહેનો હતાં. પૂ. ગુરુદેવે કહ્યું, આને પ્રાઈવેટ હોસ્પિટલમાં દાખલ કરો .મને પ્રાઈવેટ હોસ્પિટલમાં દાખલ કર્યો. પૂ.ગુરુદેવ ત્યાં પણ પધાર્યા અને ડૉ. ને કહ્યું, આને જલ્દી સારો કરજો... વડિયા એના ઘરે મોકલવાનો છે. બે મહિના હોસ્પિટલમાં રહેવું પડયું. જતી વખતે પપ્પાએ ડૉ. ને બીલ માટે કહ્યું , ડૉ. કહે, ભાઈ ! તમારા પૈસા મારે લેવા નથી. આજે તમારા દીકરાના કારણે જ મારી હોસ્પિટલમાં મહા ત્યાગી એવા પૂ.ગુરુદેવના પગલાં થયાં છે, એમનું મીઠું માંગલિક સાંભળવા મળ્યું છે. મારા પૈસા કરતાં વધારે મહત્વ મને પૂ.ગુરુદેવના પગલાં અને તમારા પુત્રને સાજો કરવાનું ગૌરવ છે. એના તો હાથ અને પગ કાપવા પડે તેમ હતાં. પણ પૂ. ગુરુદેવનું મીઠું માંગલિક સાંભળ્યા પછી એના હાથ-પગમાં ધીમે ધીમે થોડી થોડી ચેતના આવવા લાગી હતી. એટલે પછી કાપવાની જરૂર ન પડી.. ! !

હું પૂજ્ય ગુરુદેવ સાથે વિહારમાં હતો. રસ્તો ખૂબજ ખરાબ હતો. હું અને વડીયાવાળા રમેશભાઈ બંને સાથે જ હતાં. પૂ.ગુરુદેવની ગાડી ચલાવતાં હતાં. ધોમધખતો તાપ હતો.



# શિષ્યની દૃષ્ટિમાં ગુરુ

શિષ્ય જ્યારે ગુરુને પાંપણમાં સમાવે છે, ત્યારે એની દૃષ્ટિમાં ગુરુ અનન્ય દૃશ્યમાન થાય છે.

બંધ આંખે પણ એને ગુરુના દર્શન થાય અને ગુરુ દૂર હોવા છતાં પણ આસપાસ હોવાનો અહેસાસ થાય. ભલે આ ભવે જ મળ્યાં... પણ જન્મો જન્મથી, ભવોભવથી જાણે ઓળખતા હોય એવી પ્રતીતિ થાય.

જ્યારે ગુરુમાં એને આત્માની ઐક્યતા સર્જતી આત્મિયતા અનુભવાય છે, ત્યારે ગુરુ એને માત્ર ગમતાં નથી પણ ગુરુના ગમવા પર એને ભગવાન ગમવા લાગે છે, ભગવાનનો માર્ગ ગમવા લાગે છે, ભગવાન પ્રત્યેની ભક્તિ પ્રગટવા લાગે છે, ભગવાન પ્રત્યે પ્રેમ થવા લાગે છે.

ગુરુ એના માટે પ્રેરણાનો પાવન સ્ત્રોત હોય છે, જે એને અસત્યના માર્ગેથી સત્યના માર્ગે વળવાની સતત પ્રેરણા કરે છે.

ગુરુ એની દૃષ્ટિમાં માનવભવનું પરમ સદ્ભાગ્ય હોય છે.

ગુરુ એના માટે એક અલગ, અનોખા અને અદ્ભૂત વ્યક્તિત્વના ધારક હોય છે.

ગુરુ શિષ્ય

અમને બંનેને ખૂબજ તરસ લાગી. કયાંય પાણી દેખાતું ન હતું. મારા મનમાં વિચાર આવ્યો કે જો ગુરુદેવની કૃપા થાય તો જ માર્ગ મળે. અમે બંને એ વિચારતાં હતાં. સંકલ્પ કર્યો ૫-૧૦ મીનીટ થઈ હશે ત્યાંજ એક ગાડી દેખાણી, અમે ગાડી ઉભી રાખી. દર્શનાર્થીએ ભાવના ભાવી, પૂ.ગુરુદેવ અમે કોકાકોલા લઇને આવ્યા છીએ. આવા તડકામાં પાણીને બદલે આપ કોકાકોલા વાપરો. પૂ.ગુરુદેવે કહ્યું મારે જરૂર નથી ગાડી ચલાવનાર બંને ભાઈઓને પહેલા આપો. તેઓને કયારની તરસ લાગી છે. અમને તો આશ્ચર્ય થયું. અમે તો પૂ.ગુરુદેવને કહ્યું પણ નથી છતાં પણ પૂ.ગુરુદેવને કેમ ખબર પડી ગઈ ! ત્યારે મને એમ થયું ભગવાનની સમાન આપણા ગુરુદેવ પણ આપણા મનની વાત જાણી ગયાં.

૧૯૮૭ માં સૌરાષ્ટ્રમાં જયારે દુષ્કાળ હતો, ત્યારે વડીયા ગામમાં અનેક દાર થયાં. એક પણ ઘરમાં પાણી આવ્યું નહીં. ત્યારે વડીયાની ગૌશાળામાં સેવા આપનાર નારણભાઈ આહીરને પણ થયું લાવને મારી વાડીમાં પણ દાર કરાવી લઉં. ત્યારે મારા પપ્પાએ કહ્યું, ગુરુદેવની રજા લઇ કાર્યની શરૂઆત કરો તો પાણી આવશે. પૂ.ગુરુદેવની આજ્ઞા લેવા ગયા પૂ.ગુરુદેવે કહ્યું, તમારી વાડીમાં પગલાં કરી અને જે જે જગ્યા બતાવું ત્યાં તમારે દાર કરવો. ગુરુદેવે વાડીમાં પગલા કર્યા. જગ્યા બતાવી ત્યાં દાર કર્યો અને પુષ્કળ પાણી આવ્યું.

મારા પપ્પા સ્વરાજ મતદાનની ગાડી લઈને ઘાસ લેવા માટે ગયા હતા. પાછા વળતા રસ્તામાં એકસીડ્ન્ટ થયો હશે, તે પૂ.ગુરુદેવને ખ્યાલ આવી ગયો હશે. એટલે પૂ.ગુરુદેવ માળા પૂર્ણ કરી, રસોડામાં આવ્યા અને કહ્યું, જે ગાડી ગઈ છે.. તેને રસ્તામાં એકસીડન્ટ થયો છે. ત્યારે મને એમ થયું કે પૂ.ગુરુદેવેને કોણે સમાચાર આપ્યા હશે. પૂ. ગુરુદેવને પૂછયું તો કહે સમાચાર આપ્યા નથી પણ હવે સમાચાર આવશે. તે સમયે હું વિચારતો હતો કે ગાડી લઈને તો મારા પપ્પા ગયા છે. જો એકસીડ્ન્ટ જોરદાર થયો હશે તો મારા પપ્પાનું શું થયું હશે. હુ તે સમયે કંઈજ બોલી ન શકયો. પણ મારી આખંમાથી અશ્રું ધારા વહેવા લાગી. પૂ ગુરુદેવે કહ્યું તારા પપ્પાને કાઈ થયું નથી. સહેજ પગમાં જ વાગ્યું હશે. ડ્રાઈવર અને બીજો માણસ છે તેને વધારે વાગ્યું છે. ત્યાં જ કોઈ સમાચાર દેવા આવ્યા કે ગુરુદેવ ! ગાડીનો રસ્તામાં એકસીડ્ન્ટ થયો છે. હું તમને સમાચાર દેવા માટે જ આવ્યો છું વિનુભાઈને પગમા થોડુ વાગ્યું છે. ડ્રાઈવર તથા બીજા માણસ ને વધારે વાગ્યું છે. તે ભાઈ જે વાત કરતા હતા તે જ વાત પૂ.ગુરુદેવ મને વગર સમાચારે જ આપી દીધી હતી. આ છે તેમના વચનનો પ્રભાવ. ત્યારે મને ખરેખર થયું કે મારા પૂ. ગુરુદેવ જ્ઞાની જ છે.

- **વિજયભાઈ શેઠ,** રાજકોટ

## કસોટીથી કલ્યાણ

મને કમરનો દુખાવો થયો, ન વાંકા વળી શકાય, ન સીધા રહેવાય. સાયટીકા નિદાન થયું. દવા કરી, મઢીવાલા બાબા પાસે પાટુ મરાવ્યું. જૂનાગઢ રતિબાઈ પાસે પટ્ટી મરાવી, ભાવનગર દેશી વૈદરાજની દવા પણ બે મહિના લીધી. રાજકોટમાં સારામાં સારા ડૉક્ટરની દવા કરી, પણ દુખાવો ન મટ્યો. બે નાની દીકરી અને સંયુક્ત કુટુંબ... !

મારા ફાધર ભીખાભાઈ કોઠારીને તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ પ્રત્યે શ્રધ્ધા. એક દિવસ જ્યારે એ જૂનાગઢ દીક્ષા પ્રસંગે જતાં હતાં ત્યારે મને કહ્યું, ચાલ મારી સાથે દર્શન કરવા. અમે દર્શન કરવા ગયાં ત્યારે પૂજ્ય ગુરુદેવે માત્ર એટલું જ કહ્યું... અવસરે... !! બીજીવાર દર્શન કરવા ગયાં ત્યારે પણ કહ્યું, અવસરે... ! કદાચ અમારી શ્રધ્ધાની કસોટી કરતાં હશે.

નવરાત્રિના પ્રથમ દિવસે મારા ભાઈની સગાઈ ખાંભા કરી. અમે બધા ખાંભા ગયાં, પૂ. ગુરુદેવ પણ ત્યાં જ હતાં. અમે દર્શન કરવા ગયાં. મને કહે, હવે બે-ત્રણ દિવસ રોકાઈ જાવ. મેં કહ્યું, ગુરુદેવ ! અમે તો એક જ દિવસની તૈયારી કરીને આવ્યાં છીએ. સાંજે તો જવાનું છે. ગુરુદેવે કહ્યું, તો બે દિવસ પછી પાછી ત્રણ દિવસ રોકાઈ શકાય એવી તૈયારી કરીને આવજો.

બે દિવસ પછી હું આવી અને મારા ભાભી તથા એના મમ્મી સાથે અમે દર્શન કરવા ગયાં. પૂ. ગુરુદેવે ચાર લોગસ્સનો કાઉસગ્ગ કરાવ્યો અને માંગલિક ફરમાવ્યું.

ચોથે દિવસે કમરનો દુખાવો ક્યાં હતો તે ગોત્યો ન મળે. સાવ સારૂં થઈ ગયું. પૂ. ગુરુદેવના દર્શન કરી આજ્ઞા માંગી... આજે સાવરકુંડલા જાઉંને ? પૂ. ગુરુદેવે કહ્યું, હા ... જા... !! હવે બધું મટી ગયું ને ? ?

મેં ૩૫ ઉપવાસના ભાવ સાથે ઉપવાસ શરૂ કર્યા હતાં. ૨૭ મા ઉપવાસે એકાએક પેટમાં આંટી આવી અને દુખાવો શરૂ થયો. બ્લડ નીકળવા લાગ્યું. પૂ. વિમળાબાઈ મ. એ કહ્યું, પૂ. ગુરુદેવના દર્શન કરી આવ. હું દર્શન કરવા ગઈ. પૂ. ગુરુદેવે માટલીમાંથી એક ગ્લાસ પાણી આપ્યું અને ૩૫ ઉપવાસ અને પારણા સરસ અને શાતાપૂર્વક થઈ ગયાં.

- **હંસાબેન ઝાટકીયા,** સાવરકુંડલા

## મુંઝવણમાં માર્ગદર્શન

મારા મમ્મીને ડાયાબીટીસ હોવાના કારણે એમની તબિયત નરમ-ગરમ રહેતી. નાની મોટી તકલીફ પણ રહ્યાં કરતી. ઘણીવાર એમને હોસ્પીટલમાં પણ દાખલ કરવા પડતાં. એમાં ખાસ તકલીફ મુંઝારાની... !! બધાંની સાથે હસતા-હસતા વાત કરતાં હોય અને અચાનક રડવા લાગે, હાથની મુઠ્ઠીઓ વળી જાય, ચહેરાનો રંગ બદલાય જાય, પગ ખેંચાય જાય અને આખા શરીરે પરસેવો વળી જાય અનેક પ્રકારની દવા કરી પણ કોઈ ડોકટર એમને સાજા ન કરી શક્યા આ તકલીફ ૧૮ વર્ષ સુધી ચાલી.

પછી જ્યારે પૂ. શ્રી ભાગ્યવંતાજી મ.નો સંથારો હતો, ત્યારે બધાંની સાથે અમે પણ દર્શન કરવા ગયાં આખો હોલ ભરેલો હતો. મારા પપ્પા બહુ પાછળ બેઠા હતાં. એ મનમાં વિચારતા હતાં, સાંભળ્યું છે આ મહારાજ સાહેબ તેજસ્વી અને તપસ્વી છે...એમને મારા વાઈફની વાત કરૂં ? તપસમ્રાટ પૂ.ગુરુદેવ જાણે મારા પપ્પાના મનની વાત જાણી ગયા હોય તેમ એમની સામે જોયું અને ઇશારાથી પાસે બોલાવ્યાં. અને કહ્યું તમારી મુંઝવણ હું જાણું છું, ચિંતા નહીં કરતાં... એક લાખ નમસ્કાર મંત્રના જાપ કરાવજો. બસ તે દિવસથી ક્યારેય મમ્મીને 'મુંઝારો' થયો નથી.

- **શ્રી આરતીબેન દોશી,** રાજકોટ

## અસીમ ઉપકારી

નજરે જોયેલો પ્રસંગ છે. અમે બધાં બેઠાં હતાં ત્યાં વસઈથી એક ભાઈ એમના બાબાને લઈને આવ્યાં અને પૂ.ગુરુદેવના ચરણમાં મૂકી દીધો.

તે બાબો ખૂબ જ બીમાર હતો અને ડોકટરે કહી દીધું કે હવે આને સારૂં નહીં થાય, તેથી તે પૂ. ગુરુદેવ પાસે આવ્યાં હતાં. એક છેલ્લી આશા લઈને... !!

પૂ. ગુરુદેવે બાળકના માથા પર પ્રેમથી હાથ ફેરવ્યો અને માંગલિક ફરમાવ્યું થોડીવારમાં બાબાએ આંખ ખોલી અને પૂ. ગુરુદેવ સામે જોવા લાગ્યો. બીજી થોડીવારમાં તો બાબો હસતો રમતો થઈ ગયો. એ ભાઈ ખૂબ જ ખૂશ થઈ ગયાં અને પૂ.ગુરુદેવ પ્રત્યે ઉપકાર ભાવ વ્યકત કર્યો.

**- શ્રી અરુણાબેન મહેતા**

### કૃપાથી થાય છે..!

મને વારંવાર આંખનો દુખાવો થઈ જતો. જ્યારે દુખાવો થાય ત્યારે હું ડોકટરના બદલે પૂ. ગુરુદેવ પાસે જતો અને તેઓ તરતજ એમનો ચમત્કારિક હાથ મારી આંખ ઉપર ફેરવી દે એટલે અસહ્ય વેદના પણ ગાયબ થઈ જાય.

અમો હંમેશા દુ:ખી થઈને જતાં અને પૂ. ગુરુદેવના આશીર્વાદ સાથે સર્વ દુ:ખ નિવારી બહાર નીકળતાં.

એકવાર હું જ્યારે બેંકમાં સર્વીસ કરતો હતો ત્યારે મારા પર ઉચાપાતનો ખોટો કેસ થયેલ જે લગભગ દસ વર્ષથી ચાલતો હતો મહિને કોર્ટમાં જવું પડે હું થાકીને કંટાળી ગયો મેં પૂ. ગુરુદેવને વાત કરી. પૂ. ગુરુદેવે એક મુદત આપી અને આશ્ચર્ય ! મુદત પહેલાં જ કેસ સમેટી લેવામાં આવ્યો. આ નિર્ણય આવતાં જ અમે વિસાવદર શ્રી મુકુંદભાઈ ગાઠાણીને ત્યાં પૂ. ગુરુદેવના દર્શન કરવા ગયાં. પૂ. ગુરુદેવને જોઈને જ હું રડી પડયો. ગુરુદેવ ! ગુરુદેવ આપે મારા જીવનની તમામ મુશ્કેલીઓ દૂર કરી દીધી ત્યારે પૂ.ગુરુદેવે સરસ કહ્યું, હું તો કાંઈ કરતો નથી, બધું પરમાત્માની કૃપાથી થાય છે !

**- શ્રી મહેન્દ્રભાઈ દોશી**

### અમી દૃષ્ટિ

તે બહેન શાળામાં શિક્ષિકા હતાં. અને એને દીક્ષાના ભાવ થયાં. પણ માતા કેમેય કરીને માને નહીં. બહેને પૂ. ગુરુદેવને વાત કરી. પૂ. ગુરુદેવે એની માતાને સમજાવવાનો પ્રયત્ન કર્યો પણ માનવા તૈયાર જ ન થાય. પૂ. ગુરુદેવે કારણ પૂછયું તો કહે, અમારા ઘરમાં એ કમાનાર વ્યકિત છે, એ જ દીક્ષા લઈ લે તો શું થાય ?

પૂ. ગુરુદેવે કહ્યું, જો આ બહેન દીક્ષા લેશે તો તમારા ઘરમાં અઢળક સુખ,શાંતિ અને સંપત્તિ આવી જશે. મુશ્કેલીથી એ માન્યાં.. અને પૂ.ગુરુદેવના વચનના પ્રભાવથી બે જ વર્ષમાં એ પરિવાર સુખી-સંપન્ન થઈ ગયો. એક સુખી સંપન્ન પરિવારના પુત્રના લગ્ન અતિ સ્વરૂપવાન દીકરી સાથે થયાં. પરિવારના કહેવા પ્રમાણે પુત્રવધૂની સુંદરતાના કારણે કોઈએ કંઈક કરી નાખ્યું હોય તેમ જણાતું હતું. કેમકે, ગામેગામના ડૉક્ટરો અને વૈદરાજને બતાવવા છતાં કોઈ ફરક જણાતો ન હતો.

એક દિવસ એક જૈન શ્રાવકે કહ્યું કે, મુંબઈમાં ભિવંડીમાં અમારા તપસ્વી ગુરુદેવ છે . એકવાર એમના દર્શને લઈ જાવ.

તે પરિવાર પૂ. ગુરુદેવના દર્શને ગયો. પૂ. ગુરુદેવે અમી દૃષ્ટિ કરી અને માંગલિક ફરમાવ્યું. તે બહેનને સારૂં થઈ ગયું. ત્યારથી તે પરિવાર પૂજ્ય ગુરુદેવને ભગવાન માનવા લાગ્યો. જૈનેત્તરો પણ પૂજ્ય ગુરુદેવની શક્તિને અનુભવતા હતાં. પારડીના દરબારે તો એમની જમીન ઉપાશ્રય બનાવવા માટે પૂજ્ય ગુરુદેવને દાનમાં આપી દીધી હતી.

**- શ્રી જીજ્ઞાબેન મહેતા**

### દર્દનિવારક દૃષ્ટિ

એકવાર અમારા પાડોશીની બેબી બીમાર પડી. તાવ ઉતરે જ નહીં. ઘણા ઉપચારો કર્યા... પાંચ-છ ડૉક્ટર્સ બદલ્યા પણ કોઈ ફરક નહીં. નાનકડી કોમળ કળી જેવી બેબી તાવમાં તરફડયાં કરે. સવારે મારા પાડોશી શીતલબેનને કહ્યું, આપણે મુન્નીને લઈને પૂ. ગુરુદેવ પાસે જઈએ. શીતલબેન થાકેલાં અને હારેલાં હતાં. કહે, ચાલો ! પૂ. ગુરુદેવે નાની મુન્ની તરફ અમીદૃષ્ટિ કરી. દૃષ્ટિને સ્થિર કરી અને આશીર્વાદ આપતાં હાથ ઊંચો કર્યો... મનમાં કદાચ મૌનભાવે માંગલિક પણ બોલ્યાં હશે. પછી જે હાથમાં શાંતિદાતા લખ્યું હતું તે હાથ બતાવી ઇશારાથી સમજાવ્યું, રોજ શાંતિનાથ ભગવાનની માળા કરજો.

અમે ઘરે આવ્યાં, જાણે બેબીને કાંઈ જ થયું ન હોય તેમ રમવા લાગી અને ખિલખીલાટ હસવા લાગી. તેના મમ્મી પપ્પા તો પૂ. ગુરુદેવને ભાવથી વારંવાર નમવા લાગ્યાં.

**-શ્રી માયાબેન શાહ**, રાજકોટ



## હૃદયથી સ્વીકાર

કેટલાંક શિષ્ય ગુરુની આકૃતિને ઓળખતા હોય છે. કેટલાંક શિષ્ય ગુરુની પ્રકૃતિને ઓળખતા હોય છે.

કેટલાંક એવા હોય છે જે ગુરુની આકૃતિ અને પ્રકૃતિ કરતાં વધારે ગુરુના આત્માને ઓળખતા હોય છે. જ્યારે કોઇક શિષ્ય એવો હોય છે જે માત્ર ગુરુની આકૃતિ, પ્રકૃતિ કે આત્માને ઓળખતો નથી પણ એનો સ્વીકાર કરે છે, હૃદયથી સ્વીકાર કરે છે.

જે હૃદયથી ગુરુનો સ્વીકાર કરે છે, એના માટે એનું સર્વસ્વ ગુરુના ચરણમાં હોય છે.

ગુરુની સેવા એ આત્માને અનુભવવાનો અવસર હોય છે.

ગુરુને મળ્યા પછી એને કોઇને મળવાનું રહેતું નથી. ગુરુને જાણ્યા પછી બીજા કોઇને જાણવાની ઇચ્છા રહેતી નથી.

જે હૃદયથી ગુરુનો સ્વીકાર કરે છે તે કેવળજ્ઞાની બની જાય છે.

ઋણાનુબંધ હોય તે હૃદયથી સ્વીકાર કરે.

શિષ્ય પંથકમુનિએ ગુરુ શૈલકમુનિનો હૃદયથી સ્વીકાર કર્યો હતો. અને ગુરુ-શિષ્યને સાથે કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હતું.

ગુરુ શિષ્ય

## તપસમ્રાટ અમારી દૃષ્ટિમાં

- તપસમ્રાટ ગુરુદેવના મુખમંડલની આભા તથા પ્રભાવ ખૂબ જ આકર્ષિત હતા અને ભક્તો તે આભા જોતાં જ રહી જતાં અને તેના સંગમાં કલાકો સુધી બેસી જ રહેતા, મૌન હોવા છતાં પણ... !
- તપસમ્રાટ ગુરુદેવ વાણી ફરમાવતાં હતાં ત્યારે કે મૌન સમયે કોઈને કંઈક કહે તેમાંથી અમો સમાધાન મેળવીને જતાં, ફરી આપણે પૂછવાની જરૂર જ ન રહેતી.
- તપસમ્રાટ ગુરુદેવ અનન્ય લબ્ધિશાળી સંત હતાં. દા.ત. ૧૯૯૦માં રાજકોટ મારા તથા મારા વાઈફના પારણામાં પાંચ દિવસ વિતરાગ સોસાયટી, અમારા ઘરે પધાર્યા. પારણાના દિવસે કેરીની સીઝનની શરૂઆત હતી, સંખ્યાનો અંદાજ કરતાં ત્રણ ગણી સંખ્યા થઈ ગઈ. પ્રવચન હોલમાં જતાં પહેલાં કીચનમાં રસનો ટોપ પર નજર કરીને ગયાં બાદ બસ રસ ખૂટ્યો જ નહીં. આવો જાત અનુભવ છે.
- તપસમ્રાટ ગુરુદેવ પાસે થર્ડ આય- ત્રીજું લોચન હતું. સંકેત આપી, આવતા સમયને પારખી શકતાં હતાં. દા.ત. મારી પુત્રી દૃષ્ટિ ૫ થી ૬ વર્ષની હતી ત્યારે જ મારા માતુશ્રીને પૂછતાં આને તમારી દીકરી રાખવી છે કે અમારી દીકરી ? અને ત્યારે પણ સ્પષ્ટ સંકેત આપેલ કે આ અમારી દીકરી થશે. જે શબ્દો તેમના કાળધર્મ પછી ભૂલાઈ ગયાં. પરંતુ એ સંકેતનું આજે પરિણામ તેમના જ શિષ્ય પૂ. નમ્રમુનિ મહારાજ સાહેબના પુરુષાર્થથી સામે આવતું જણાય છે.
- તપસમ્રાટ ગુરુદેવ પાસે વચનસિધ્ધિ હતી. જે અમોએ અનુભવેલી છે. અમો ભાઈઓ તે સમયના સંજોગો અનુસાર બીઝનેસમાં વિકટ પરિસ્થિતીનો સામનો કરવાનો થયો તો તેમનું માર્ગદર્શન માંગતા એક હાથ ઊંચો કરી આશીર્વાદ આપ્યા, ''જા, તું મુંબઈ જતો રહે.'' બસ, તેમના એટલાં જ વચન આર્શીવાદ બની ગયા અને અંધકારમાંથી અજવાળાના દરવાજા ખૂલી ગયાં. એમની કૃપાથી બધું બરાબર થઈ ગયું.
- તપસમ્રાટ ગુરુદેવની શાંત મૌન મુદ્રામાં પણ હાસ્યના ફુવારા છૂટતાં. એક અનન્ય વાઈબ્રેશનસ્ મળતાં.
- તપસમ્રાટ ગુરુદેવ તે સમયે ભક્તોને માળા ૧૦૮ પારાની અર્પણ કરતાં જે અમો પાથરણામાં રાખી ઉપયોગ કરતાં- ફેરવતાં પરંતુ તે કયા પારાની છે તે તેમણે અમોને કહેલ નહીં અને અમને પણ સમજ ન હતી. પરંતુ પૂ. નમ્રમુનિ ગુરુદેવને તે માળા બતાવતાં તેમણે આ અક્કલબેરની માળા જણાવેલ. અમારા આશ્ચર્ય વચ્ચે અક્કલબેરની જ માળા તે સમયની મારા માતુશ્રી અને મારી પાસે તેમના આશિર્વાદથી છે.

**- શ્રી રશ્મિકાંતભાઈ દેસાઈ**

JAI GURUDEV




Images shown are for indicative purpose only

Authorised distributors for imported karma Healthcare product range

MODI SONS® & CO.
SHOP NO. 25, NEELKANTH MARKET, BEHIND POOJA HOTEL, M.G. ROAD, GHATKOPAR (E), MUMBAI-400 077
Tel : 022 - 21027082 / 9702006369, Time : 9.30 to 6.30
www.modisons.co.in SUNDAY CLOSED

*With Best Compliments From*

# Shasun Pharmaceuticals Limited

*-: Manufacturer of :-*

*Finished Dosage Forms,*

*Bulk Pharmaceutical &*

*Bio therapeutic Ingredients*

Shasun®

For Life - Science Works

**-: Registered & Corporate Office :-**

3rd & 4th Floor, "Batra Centre"

28, Sardar Patel Road, Guindy, Chennai 600032. India

Tel. : 91-44-4344 6700 • Fax : +91-44-2235 0278

Email : shasun@shasun.com • Website : www.shasun.com

ARHAM YUVA GROUP
PAROPKAR SE PARMATMA

## માનવતા મહોત્સવની ફલશ્રુતિ...

# અભયદાનનો આનંદ

### હજારો બકરીઓને અભયદાન









**મુંબઈ**

